# જેરી જોન્સનું 'સો હમ્'

## શાંતિની શોધમાં

'સો હમ્' પ્રાચીન સંસ્કૃત મંત્રને બરાબર સમજ્યા પછી, તેને જીવનમાં ઉજાગર કરીને ૧૯૯૮માં, એક અમેરિકન જેરી જોન્સે 'સો હમ્' ફાઉન્ડેશનની સ્થાપના કરી. તેનો હેતુ દુનિયાના જરૂરતમંદ લોકોની સેવા કરવાનો હતો. 'માનવ સેવા એ જ પ્રભુ સેવા' ની કેડી કંડારનાર આ જેરી જોન્સ ફિલાનથ્રોપિસ્ટ, સ્પિરિચ્યુઅલ સ્પીકર અને મેડિટેશનના સારા શિક્ષક હતા. લશ્કરમાંથી પાછા આવ્યા પછી, તેઓ પોર્ટલૅન્ડ (યુ.એસ.એ.) માં એક મોટા બિઝનેસમેન તરીકે ઉભરી આવ્યા. તેના લગ્ન જીવનના ભંગાણ પછી, તાણમાંથી ('સ્ટ્રેસ') મૂક્ત થવા તેઓ, આધ્યાત્મિક માર્ગે વળ્યા અને શાંતિની શોધમાં ૧૮ વખત ભારત આવ્યા.


જેરી જોન્સ અને મનુભાઈ શેઠ

**જેરી જોન્સ લશ્કરમાંથી પાછા આવ્યા પછી, એક બિઝનેસમેન તરીકે ઉભરી આવ્યા. લગ્ન જીવનના ભંગાણ પછી, તાણમાંથી (સ્ટ્રેસ) મૂક્ત થવા તેઓ, આધ્યાત્મિક માર્ગે વળ્યા અને શાંતિની શોધમાં ૧૮ વખત ભારત આવ્યા**

## જોઈને દ્રવિત થઈ ગયા

ગુરુદેવ ચિત્રભાનુજીની સલાહ મુજબ ફેબ્રુઆરી ૨૦૦૦માં, જેરી જોન્સ ભાવનગર આવ્યા. વિકલાંગ બાળકોની પ્રવૃત્તિ નિહાળી. આ સાદા, સરળ અમેરિકન મહેમાનની રહેવા જમવાની વ્યવસ્થા, મનુભાઈ શેઠે તેના ઘરે કરી હતી. પાલિતાણાની જાત્રા કરીને તે ફરી પાછા ભાવનગર આવ્યા. ત્યાર પછી તેણે મારી અને દેનાબૅંકવાળા રમેશભાઈ શાહની સાથે બેસીને વિકલાંગ બાળકોના શિક્ષણ, આરોગ્ય અને તેની આર્થિક સ્થિતિ અંગે ઘણી ચર્ચા કરી માહિતી મેળવી. અમારી વાતો સાંભળીને જેરી જોન્સ દ્રવિત થઈ ગયા. અમેરિકા પહોંચીને મહેમાનગતિ માટે આભાર માનતો જોન્સનો પત્ર આવ્યો, સાથે સંસ્થાનો છેલ્લો ઑડિટ રિપોર્ટ મોકલવા જણાવ્યું અને 'આ વરસની આખરમાં સો હમ્ ફાઉન્ડેશનમાંથી તમને કાંઈક મોકલી શકીશ', એવી ઇચ્છા દર્શાવી.

## નિરંતર સહાય

પોલિયો કરેકિટવ સર્જરીથી પોતાના પગ ઉપર ચાલતા થતાં બાળકોને જોઈને, જેરી જોનને આશ્ચર્ય થયું હતું. સંસ્થાના ઑડિટ રિપોર્ટ જોયા પછી વર્ષ ૨૦૦૦ માં તેણે ૫૦૦૦ ડોલરની સહાય મોકલીને શરૂઆત કરી. તેના આ ફંડમાંથી અમે રાજસ્થાનના ડુંગરપુરમાં ઑપરેશન કૅમ્પ કર્યો. જેરી જોન્સને અમે લાભાર્થીના ફોટોગ્રાફ, કેસ સ્ટડી અને ઑડિટેડ એકાઉન્ટ મોકલ્યા. એ જોયા પછી તેણે સહાયની રકમવધારી. દર વર્ષે આવતી સહાયથી વર્ષ ૨૦૦૯ સુધીમાં તે આંકડો ૫૬૫૦૦ ડોલર સુધી પહોંચી ગયો. આ સહાયમાંથી અમે વારાણસી, રાપર, શ્રીદુન, બરગઢ, જલંધર, વગેરેમાં ૭૨૪ બાળકોની પોલિયો સર્જરી કરી. આ દસ વરસ દરમિયાન જેરી જોન્સે, ભાવનગર પાલિતાણાની ત્રણ વિઝિટ કરી, એક વખત તે તેની પત્ની ક્રિસ્તયાની ને પણ સાથે લઈ આવેલા. પોતાનો પતિ, માનવ સેવાનું જે કામકરે છે તે જોઈને તે ખુશ થઈ હતી.

જાન્યુઆરી ૨૦૧૦માં જેરી જોન્સ, તેની પુત્રી શેનોનને લઈને સંસ્થાની ત્રણ દિવસની મુલાકાત માટે આવ્યા. આ કદાચ પોતાનો કાર્યભાર પુત્રીને સોંપવાનો સંકેત

હશે. અમેરિકા ગયા પછી શેનોને સહાયની રકમ વધારી અને દર વર્ષે ૮૦૦૦ ડોલર મોકલવાનું શરૂ કર્યું.

## વન ટાઈમ સ્પેશિયલ ગિફ્ટ : વેલ બેબી ક્લિનિક

જેરી જોન્સનો આ સંકેત સાચો પડ્યો. ૫ નવેમ્બર ૨૦૧૮ના શેનોનના પત્રથી ખબર પડી કે જેરી જોન્સ હવે આપણી વચ્ચે નથી. વિદાય લેતા પહેલા, પુત્રી શેનોનને તેણે સો હમ્ ફાઉન્ડેશનની પ્રેસિડેન્ટ બનાવી ને તેના ખભા ઉપર સેવાનો દીપ પ્રજ્જવલિત રાખવાની જવાબદારી લાદી. આ પત્રમાં શેનોન આગળ લખે છે, 'સો હમ્ ફાઉન્ડેશન તરફથી તમને દર વર્ષે ૮૦૦૦ ડોલર મળતા રહેશે, ઉપરાંત એક લાખ ડોલરની 'વન ટાઈમ સ્પેશ્યલ ગિફટ', જેરી જોન્સની કાયમી સ્મૃતિમાં મોકલું છું! મારા પિતાને ગમતું કામ ચાલુ રાખજો!' સાચું તો સ્પેશ્યલ ગિફટના આનંદ કરતાં, એક જિંદાદિલ મિત્રને ગુમાવ્યાનું દુઃખ, અમે વધુ અનુભવ્યું છે. ૨૦૧૦ પછી સોહમ્ ફાઉન્ડેશનની સહાય, સેરીબ્રલ પાલ્સી ચિલ્ડ્રન એસેસમૅન્ટ ઍન્ડ સર્જીકલ કૅમ્પ, અર્લી ઈન્ટરવેશન, ઓટિઝમ અને મલ્ટી ડિસેબલ્ડ માટે અમે વાપરતા આવ્યા છીએ. જેરી જોન્સને ગમતી આ પ્રવૃત્તિ હંમેશાં ચાલુ રહે તે માટે એક લાખ ડોલરની રકમનું 'કોર્પસ' બનાવી, સંસ્થામાં 'જેરી જોન્સ વેલ બેબી કિલનિક' શરૂ કરીને, તેને અંજલિ આપવાનો સ્તુત્ય નિર્ણય લીધો છે.

**એક લાખ ડોલરની 'વન ટાઈમ સ્પેશિયલ ગિફ્ટ', જેરી જોન્સની કાયમી સ્મૃતિમાં મોકલું છું. મારા પિતાને ગમતું કામ ચાલુ રાખજો !'**


**શેરી નાટક**

# સંવેદનાની પાંખે જોન એસ્કેન્ઝી પરિવાર




**વચમાં જોન એસ્કેન્જી, પત્ની ફોએસ્ટા, દીકરી ઈવલિન અને પુત્ર જીકો**

## પોઝિટિવ ન્યૂઝની તાકાત

યુ.કે.ના ફ્રિલાન્સ જર્નાલિસ્ટ જોન હાટે લખેલો, પોલિયો પિડિતોનો આંખે દેખ્યો અહેવાલ લંડનના વિશ્વવિખ્યાત મેગેઝીન ટેલિગ્રાફમાં ફોટા સાથે છપાયો અને સંસ્થાની આ માનવસભર પ્રવૃત્તિઓમાં સહાય કરવાની તેની અપીલ, લોકોનાં હૃદયને બરાબર સ્પર્શી ગઈ. ઘણાં લોકોએ ઈમ્પેક્ટ યુ.કે. નો સંપર્ક કર્યો. કોઈએ દાન આપવાની તો કોઈએ ભારત આવીને સમય અને સેવા આપવાની ઈચ્છા વ્યકત કરી ત્યારે મને પોઝિટિવ ન્યૂઝની તાકાત સમજમાં આવી.

## સેવાનો રંગ લાગ્યો

ટેલિગ્રાફ મેગેઝીનના સમાચાર વાંચીને એક બ્રિટિશ નાગરિક જોન એસ્કેન્ઝી, પત્ની ફોએસ્ટા, ૧૨ વરસની દીકરી ઇવલિન અને ૧૦ વરસના દીકરા જીકોમાને સાથે લઈને સંસ્થામાં આવી પહોંચ્યાં. કેમ્પ માટે આ દંપતી એ દાન તો આપ્યું હતું, પરંતુ કેમ્પમાં સાથે જોડાઈને સેવા આપવાની તૈયારી કરીને તે આવ્યાં હતાં એ ગજબની વાત હતી. અમે તેનાં પોલિયો કરેકિટવ સર્જીકલ કેમ્પનું આયોજન, તા. ૨૬, ૨૭ ડિસેમ્બર સન ૧૯૯૯નાં બે દિવસ, મહારાષ્ટ્રનાં ચાલીસગાંવમાં કર્યું. તે દરમ્યાન ટ્રાવેલિંગ અને કેમ્પમાં છ દિવસ સાથે રહેવાનું થયું. એસ્કેન્ઝીનો એન્ટિક આઈટમોનો બિઝનેસ ફ્રાન્સમાં હતો. ચાલીસગાંવનાં કેમ્પમાં, છેવાડાના ગામડાંઓમાંથી આવેલાં કુપોષિત પોલિયોગ્રસ્ત બાળકો અને તેની સાથે આવેલા દરિદ્ર પરિવારજનોની હાલત જોઈને જોન એસ્કેન્ઝી અને તેની પત્ની વિવશ બની ગયાં. આ કેમ્પમાં ૧૦૦ બાળકોનાં ઑપરેશન થયાં. કેમ્પમાં એ માત્ર પ્રેક્ષક બનીને જોતા રહેવાને બદલે, દર્દીને ખાટલે-ખાટલે ફરીને સેવા કરતા રહ્યા. તેનાં બાળકોને પણ રંગ લાગ્યો. એ પણ ઑપરેશનથી રડતાં બાળકોને રમાડતાં અને બિસ્કિટ આપીને છાનાં રાખતાં હતાં. સેવાનો આ રંગ એવો તો લાગ્યો કે એક કેમ્પ પૂરતો તે મર્યાદિત ન રહેતાં, જોન એસ્કેન્ઝીએ લંડન ગયા પછી, દર વર્ષે ૫૦૦ પાઉન્ડની સહાય સંસ્થાને મોકલવાનું ચાલુ કર્યું.

**ટેલિગ્રાફ મેગેઝીનના સમાચાર વાંચીને એક બ્રિટિશ નાગરિક જોન એસ્કેન્ઝી, પત્ની ફોએસ્ટા, ૧૨ વરસની દીકરી ઈવલિન અને ૧૦ વરસના દીકરાને સાથે લઈને સંસ્થામાં આવી પહોંચ્યા.**

## બાળકો સંવેદનશીલ હોય છે

ચાલીસગાંવનો આ કેમ્પ, જોન એસ્કેન્ઝીની સાથોસાથ તેના દીકરા જીકોમા અને દીકરી ઈવલિન ઉપર જીવન ભરની અસર છોડી જશે એવી અમને કલ્પના ન હતી. સામાન્ય રીતે મોટેરાંઓ, 'બાળકો ને શું સમજ પડે?' એમ માનતા હોઈએ છીએ.



પરંતુ બાળકો બહુ સંવેદનશીલ હોય છે, એ બધું જુએ છે ને સમજે છે. મનોવિજ્ઞાનનું એ વિધાન દીકરા જીકોમાએ સાચું પાડયુ. જીકોમાએ લંડન જઈને તેની સ્કૂલમાં, 'પોલિયો' ઉપર એક લેખ લખ્યો ને વિદ્યાર્થીઓ અને શિક્ષકો પાસેથી ૩૦૦૦ બ્રિટીશ પાઉન્ડ એકઠા કરીને, પોલિયો કેમ્પ માટે મોકલ્યા. મોટા ન કરી શકે એવું કામ આ નાના બાળકે કર્યુ!

જોન એસ્કેન્ઝીની પુત્રી ઈવલિનના બાળમાનસ ઉપર, ચાલીસગાંવના કેમ્પનાં આ હૃદયદ્રાવક દૃશ્યો અંકિત થયા હશે. તેમ યુવા વયે તે ૨૦૦૯માં U.K. થી ભારત આવી અને ફેબ્રુઆરી-માર્ચમાં એક મહિના સુધી PNRમાં રહીને સ્વયં પ્રવૃત્તિમાં જોડાઈને સેવાના આનંદ સાથે અનુભવ મેળવ્યો.

**કુપોષિત પોલિયોગ્રસ્ત બાળકો અને તેની સાથે આવેલા દરિદ્ર પરિવારજનોની હાલત જોઈને જોન એસ્કેન્ઝી અને તેની પત્ની વિવશ બની ગયા.**

## ડિસેબલ્ડને એબલ્ડ બનાવવાની ધગશ

ઈવલિને, હેમાબેન ઉદેશી અને પારસભાઈની સાથે રહીને PNRમાં ચાલતા વિવિધ પ્રોજેક્ટ્સનો અભ્યાસ કર્યો. તે પ્રોજેટસથી ઘણી પ્રભાવિત થઈ. વર્ષ ૨૦૦૯ થી ૨૦૧૮ સુધીમાં U.K. થી જુદા જુદા પ્રોજેક્ટ માટે રૂપિયા ૯૧ લાખની સહાય મોકલાવી. આ નિરંતર સહાય હજુ પણ ચાલુ છે,જે મુખ્યત્વે અર્લી ઈન્ટરવેન્શન ફોર સી.પી. ચિલ્ડ્રન, જોબ ઓરિએન્ટેડ વૉકેશનલ ટ્રેનિંગ ફોર ડિસેબલ્ડ, માઈક્રોફાઈનાન્સ, ટોય લાયબ્રેરી, રૂબેલા, ડેફનેસ અને બ્લાઈન્ડનેસ પ્રિવેન્શન, મેન

**દીકરા જીકોમાએ લંડન જઈને સ્કૂલમાં, 'પોલિયો' ઉપર એક લેખ લખ્યો ને વિદ્યાર્થીઓ અને શિક્ષકો પાસેથી ૩૦૦૦બ્રિટિશ પાઉન્ડ એકઠા કરીને મોકલ્યા.**

પાવર ડેવલપમેન્ટ, સ્કોલરશિપ અને કોમ્યુનિટી બેઈઝ્ડ રિહેબિલિટેશનના રૂરલ પ્રોગ્રામો માટે મળી છે. ઈવલિનની ઈચ્છા, સમાજનાં છેવાડાનાં દિવ્યાંગ લાભાર્થીઓ અને તેના પરિવારને, પોતાના પગ પર ઊભા કરીને, તેને સ્વાવલંબી જીવન જીવવા માટે 'ડિસેબલ્ડમાંથી એબલ્ડ' બનાવવાની છે.

આમ, ટેલિગ્રાફના ન્યુઝ વાંચીને સંવેદનાની પાંખેથી શરુ થયેલા એસ્કેન્ઝી પરિવારના આ સેવાયજ્ઞની પાવન જવાળા, વીસેક હજાર લાભાર્થી સુધી પહોંચી છે. ભારતથી જોજનો દૂર રહીને આજે પણ ઈવલિન એસ્કેન્ઝી તેની સંભાળ લઈ રહી છે.



**ઈવલિન એસ્કેન્ઝી**

# કચ્છનો ધરતીકંપ

## ધરા ધ્રુજી ઊઠી અને...

૨૬ જાન્યુ. ૨૦૦૧. પ્રજાસત્તાક દિવસની સવાર. લંડનથી આવેલા સંસ્થાના મહેમાન જયંતભાઈ કારિયા સાથે હું, અંધશાળાના મેદાનમાં ધ્વજવંદનના કાર્યક્રમમાં વ્યસ્ત હતો. ત્યાં અચાનક ધરતી ધણધણી ઊઠી. મકાનો ડોલવા લાગ્યાં, મેદાનમાં ઊભેલાં વિકલાંગ બાળકોએ ચિચિયારી પાડી અને નાસભાગ શરુ થઈ ગઈ. ખબર પડી કે ધરતીકંપ આવ્યો છે. શાળા અને હોસ્પિટલમાં રહી ગયેલાં બધાંને નીચે મેદાનમાં એકત્રિત કરી દીધાં. જીવસોતા બચી ગયા એ માટે ભગવાનનો પાડ માનતા હતા ત્યારે, અંજારની એક સાંકડી બજારમાંથી હાથમાં ત્રિરંગા સાથે 'આઝાદ હિંદ-જયહિંદ'ના બુલંદ નારા ગજવતું ૨૦૦ નિશાળિયાઓનું આખેઆખું સરઘસ, ધરતીકંપમાં બંને બાજુથી તૂટી પડેલા મકાનોનાં કાટમાળ નીચે દબાઈ મર્યું હતું. આવા ભયાનક ધરતીકંપથી દેશ અને દુનિયામાં હાહાકાર મચી ગયો.

## મરેલાં કરતાં જીવતાની પીડા વધુ

આ ધરતીકંપનું એ.પી. સેન્ટર કચ્છમાં હતું. ભાવનગર, સુરેન્દ્રનગર, અમદાવાદ, રાજકોટ અને જામનગર જિલ્લામાં તેની અસર થઈ. કચ્છ જિલ્લાનું નુકસાન શબ્દોમાં વર્ણવી શકાય તેમ ન હતું. વીસ હજાર જેટલાં સ્ત્રી પુરુષ અને બાળકો મકાનોનાં કાટમાળ નીચે દબાઈને મૃત્યુ પામ્યાંનો ભય હતો. હજારો લોકો બેઘર બન્યાં. સેંકડો લોકો કાટમાળ નીચે દબાયેલા, કાટમાળ નીચેથી દબાયેલાંઓને બહાર કાઢવાનું શરૂ થયું ત્યારે તેમાંથી કોઈએ પગ, તો કોઈએ હાથ ગુમાવ્યા હતાં. એક તરફ સ્પાઈનલ કોડ અને હેડ ઇન્જરીવાળા નિઃસહાય લોકો અને બીજી તરફ મા-બાપને શોધતા અનાથ બાળકોના કરુણ આક્રંદ. કોણ કોને મદદ કરે? અહીં મરેલાં કરતાં જીવતાની પીડા વધુ હતી.



ભૂકંપમાં તારાજી



કોઈએ પગ, તો કોઈએ હાથ ગુમાવ્યા હતા. નિઃસહાય લોકો અને બીજી તરફ માબાપને શોધતા અનાથ બાળકોના કરુણ આક્રંદ. કોણ કોને મદદ કરે ? અહીં મરેલા કરતાં જીવતાની પીડા વધુ હતી.

## ભચાઉમાં અમે કાફલો ઉતાર્યો

પથ્થરદિલને પણ પીગળાવી દે એવા આ સમાચાર સાંભળીને, બીજે જ દિવસે અમે યુધ્ધના ધોરણે રાહત કામગીરી કરવાનું નકકી કર્યું. ઈમ્પેકટ યુ.કે.ના ચીફ એકઝિકયુટિવ કલેર હિકસે અમને ફોન કરીને પોતાની ચિંતા જતાવી અને બધી જ સહાયની ખાતરી આપી, ઈન્ડિયન મેડિકલ એસોસિએશન અને રેડક્રોસ સોસાયટી ભાવનગર વગેરેનો સહયોગ મળ્યો. અમારી PNR અને લોઢાવાળા હોસ્પિટલના સાધન સરંજામ, ડૉક્ટરો અને નર્સિંગ સ્ટાફને કચ્છ જવા માટે તૈયાર કર્યો અને ધરતીકંપના ત્રીજા દિવસે, ૧૫ મેડિકલ વાન અને ભાડાનાં ટ્રક ભરીને દવા, સર્જરી અને સારવારના સાધનો, જનરેટર, ડિઝલ, પલંગ, ગાદલાં, સ્ટ્રેચર, ધાબળા, અનાજ, પીવાના પાણી અને મૃતદેહને અગ્નિદાહ માટે લાકડા સાથે ૭૦ સ્વયંસેવકોનો કાફલો તા. ૨૯ જાન્યુ. ૨૦૦૧ની મધરાતે ગાત્રો ગાળી નાંખતી ઠંડીમાં ભચાઉમાં ઉતર્યો.

## ભચાઉમાં બેઝ કેમ્પ હૉસ્પિટલ

અહીં આ ધરતીકંપથી માત્ર કચ્છ જિલ્લાના ભચાઉ વિસ્તારમાં જ ૭,૩૫૦ જેટલા લોકોના મોત થયા હતાં.(વસતિના આશરે ૩૦ %.). અન્ય સ્થળોની સરખામણીમાં આ આંકડો ઘણો મોટો હતો. રસ્તા અને પુલો ખૂબ ખરાબ રીતે નુકસાન પામ્યા હતા. વિસ્તારમાં ગેરવ્યવસ્થા વ્યાપી ગઈ હતી. લોકોનું આક્રંદ ભૂતાવળનો માહોલ ખડું કરતું હતું ત્યારે ભચાઉમાં કેમ્પ ઊભો કરનાર અમે પ્રથમ હતા. સૌ પ્રથમ ચેપ ન લાગે તે માટે ટીમના દરેક સભ્યોને રસી આપી અને પછી કામગીરી શરૂ કરવામાં આવી.

લોકોનું આક્રંદ ભૂતાવળનો માહોલ ખડું કરતું હતું ત્યારે ભચાઉમાં કેમ્પ ઊભો કરનાર અમે પ્રથમ હતા.

દસ હજાર ચોરસ ફૂટ વિસ્તારમાં શમિયાણો ઊભો કરી, તેમાં ઓપરેશન થિએટર અને ૧૦૦ પથારીનો વોર્ડ તૈયાર કરવામાં આવ્યો. કાટમાળ નીચેથી બહાર કાઢવામાં આવેલાં દર્દીઓનાં પાટાપીંડી, પ્લાસ્ટર, તેમજ ઓપરેશન જેવા તાત્કાલિક રાહત કાર્યો શરૂ કરવામાં આવ્યાં. સ્ટ્રેચરમાં દર્દીઓની લાઈન લાગી એટલે કેમ્પમાં ૧૦૦ની જગ્યાએ ૧૫૦ પથારી કરવામાં આવી.

આ કેમ્પના પ્રથમ ૧૨ દિવસમાં ૨,૫૦૦ આઉટડોર દર્દી, ૧,૪૦૦ ઈન્ડોર દર્દી એમકુલ ૩,૯૦૦ દર્દીઓને રાહત અપાઈ. આ બેઝ કેમ્પમાં શશીભાઈ, ગિરીશભાઈ, જાદવભાઈ પટેલ વગેરે સાથે



મારી સાથે ડૉ. સરધારવાલા

ચંદ્રકાંત ત્રિવેદી, એ.જી. પંડયા, સી.એમ.વ્યાસ વગેરેએ અવિરત સેવા બજાવી. ભાવનગરથી આવેલા ડૉક્ટરો એ સારી સેવા બજાવી.

**દસ હજાર ચોરસ ફૂટ વિસ્તારમાં શમિયાણો ઊભો કરી, તેમાં ઓપરેશન થિયેટર અને ૧૦૦ પથારીનો વોર્ડ તૈયાર કરવામાં આવ્યો.**

## કોમ્પ્લેક્સ સર્જરી

બેઝ કેમ્પમાં લાવવામાં આવતાં કેટલાંક દર્દીઓને ગંભીર પ્રકારની કોમ્પ્લેક્સ સર્જરીની જરૂર હતી. તે બેઝ કેમ્પમાં થઈ શકે તેમન હતી. આવાં ૪૪ દર્દીઓ (૧૫ પુરુષ, ૨૯ સ્ત્રીઓ અને બાળકો)ને એસ.ટી.ની બસમાં ૩૦૦ કિલોમીટર દૂર પી.એન.આર. હોસ્પિટલ ભાવનગરમાં શિફ્ટ કરવામાં આવ્યાં, ભાવનગરમાં સર્જરી માટે ઓર્થો. સર્જન ડૉ.તુષાર ત્રિવેદી, પ્લાસ્ટીક સર્જન ડૉ.કેતન પટેલ, એનેસ્થેટિક ડૉ.રાજેશ પારેખ અને ડૉ.લાખાણીએ પ્રસંશનીય સેવા બજાવી. ભાવનગર સર્જરી માટે લવાયેલાં પિડિત-પરિવારો માટે રહેવા-જમવાની વ્યવસ્થા, તેમનાં ટ્રેડિશનલ ડ્રેસ અને ખિસ્સાખર્ચી માટે વાપરવાનાં પૈસાની સંસ્થાએ વ્યવસ્થા કરી. ઉપરાંત, ભયના ઓથાર નીચે જીવતા લોકોનું સાઈક્યાટ્રિક કાઉન્સેલિંગ પણ કરવામાં આવ્યું.

**પ્રથમ ૧૨ દિવસમાં ૨,૫૦૦ આઉટડોર દર્દી, ૧૪૦૦ ઈન્ડોર દર્દી એમ કુલ ૩,૯૦૦ દર્દીઓને રાહત અપાઈ.**

## એક તરફ વિનાશ, બીજી તરફ સર્જન

એક તરફ ધરતીકંપથી વિનાશ અને બીજી તરફ સર્જન. આ તે કેવી કુદરતની લીલા? બેઝ કેમ્પમાં મોડી રાત્રે હાથમાં ફાનસ લઈને બે માણસો આવ્યાં. થોડે દૂર કાટમાળ નીચે પડેલી એક સ્ત્રીને પ્રસૂતિની પીડા ઊપડી હતી. કેમ્પમાં આરામ કરી રહેલાં એક માઈક્રોબાયોલોજીસ્ટ અને બે નર્સ બહેનો, પેલા લોકો સાથે તરત જ નીકળી પડયાં. કાટમાળ નીચેથી આ કમભાગી સ્ત્રીને લઈ આવ્યાં. સેઈફ ડિલિવરિ કરાવી. માતા અને બાળક બચી ગયાં. કમનસીબે આ સ્ત્રીનો પતિ અને સાસુ-સસરા મકાન નીચે ચગદાઈ મર્યા હતાં. આ પછી પણ કેમ્પમાં બીજી બે ડિલિવરી કરાવવામાં આવી હતી. આમ એક

**મોડી રાત્રે હાથમાં ફાનસ લઈને બે માણસો આવ્યાં. કાટમાળ નીચે પડેલી એક સ્ત્રીને પ્રસૂતિની પીડા ઉપડી હતી. નર્સ બહેનો આ કમ ભાગી સ્ત્રીને લઈ આવ્યા. સેઈફ ડિલિવરી કરાવી. આ સ્ત્રીનો પતિ અને સાસુ-સસરા ચગદાઈ મર્યા હતા.**



તરફ વિનાશ અને બીજી તરફ સર્જન! કુદરતની લીલાનો આ ખેલ મનુષ્યની સમજની બહાર હતો.





ભૂખ્યાને ભોજન માટે પ્રવૃત ઓધવજીભાઈ પટેલ

## ભૂખ્યાને ભોજન

ભચાઉમાં બધાં મકાનો પડી ગયાં હતાં. પિડિતો અને તેની સેવા માટે આવેલા દેશ વિદેશના સેવાભાવીઓને ચા, પાણી અને બે ટંકનું ભોજન પૂરું પાડવા તા. ૩૦જાન્યુ.૦૧ થી શીપ રીસાયકલીંગ ઈન્ડસ્ટ્રિઅલ એસોસિએશનના સહયોગથી રસોડું શરૂ કરવામાં આવ્યું હતું. જેનો લાભ ૮ થી ૧૦ હજાર લોકોએ લીધો. આ રસોડા ઉપર ઓધવજીભાઈ પટેલ અને તેના સાથી કાર્યકર્તાઓએ, રાત-દિવસ જોયા વગર પ્રશંસનીય સેવા બજાવી હતી.

## કડકડતી ઠંડીમાં ટેન્ટ

દસેક દિવસ પછી બીજા ફેઝની કામગીરીમાં અમે કડકડતી ઠંડીમાં લોકો રાત પસાર કરી શકે તે માટે વિકાસ વર્તુળ ટ્રસ્ટના સહયોગથી ૨,૦૦૦ પ્લાસ્ટિકના ટેન્ટ તૈયાર કર્યા. તેનો અંદાજિત ખર્ચ ૩૦ લાખ રૂપિયા બધા NGOએ ભેગા મળી ભોગવ્યો.

## લાઈફલાઈન એક્સપ્રેસ

ઈમ્પેકટ ફાઉન્ડેશને, ભારતમાં 'ટ્રેન ઓન વ્હીલ' બનાવી. ઈમ્પેકટ







ઈન્ડિયાના સહયોગથી તા. ૭ ફેબ્રુ.ના આ ટ્રેન અમે ગાંધીધામલઈ આવ્યા. તેમાં અદ્યતન ઑપરેશન થિએટર વગેરે સુવિધા હતી. સારો પ્રતિસાદ મળ્યો. દર્દીઓની સંખ્યા વધી પડતા બોગીમાં પથારી ઓછી પડી એટલે પછી પ્લેટફોર્મ ઉપર દર્દીનાં ખાટલા નાખવામાં આવ્યા. આ ટ્રેનમાં ૩૦ સર્જરી અને ૧,૦૦૦ થી વધુની OPD અને ૧૦૦ દર્દીઓને ફિઝિયોથેરાપીની સેવા આપવામાં આવી હતી તેમજ જરૂરિયાતમંદ લોકોને વ્હિલચેર, વોકર, ક્રચિઝ વગેરે સાધનો અપાયા હતાં. ઈમ્પેક્ટ યુ.કે.ના પ્રતિનિધિ ડૉ.સરધારવાલાએ બે વખત રાહત કામગીરીની મુલાકાત લીધી.

## રિહેબિલિટેશન સેન્ટર

હવે ત્રીજા ફેઝમાં બચી ગયેલા લોકોનાં પુનઃસ્થાપન માટે, રીહેબિલિટેશન સેન્ટરની જરૂરિયાત હતી. સ્થાનિક NGOના સહકારથી, સંસ્થાના વિજય નાયકની આગેવાનીમાં નીચે મુજબ પાંચ સેન્ટર ખોલ્યા.

| ક્રમ ગામ | સહયોગી સંસ્થા |
|---|---|
| ૧.ગાંધીધામ | દેવસ્મૃતિ ટ્રસ્ટ |
| ૨.ભૂજલોક | કલ્યાણ ટ્રસ્ટ |
| ૩.અંજાર | કેન્યા હોસ્પિટલ ટ્રસ્ટ |
| ૪.માંડવી | અપંગ માનવ કલ્યાણ ટ્રસ્ટ |
| ૫.ભાવનગર | પી.આર.વી. કે. એલ. ટ્રસ્ટ |

આ સેન્ટરો દોઢેક વરસ ચલાવવામાં આવ્યાં. તેમાં ૬૫૩ વિકલાંગ દર્દીઓને ૬૮૪ સાધન બેસાડયાં. ૧૨,૬૦૦ લોકોએ થેરાપી/દવા/ડ્રિસિંગનો લાભ લીધો હતો. ધરતીકંપને દોઢ વરસ જેવો સમય થયા પછી પણ કેટલાક દર્દીઓ, કચ્છના ચાર રીહેબિલિટેશન સેન્ટરોમાં આવતા રહેતા હતા એટલે આ સેન્ટરો બંધ કરવાને બદલે અમે તેની સાધન સામગ્રી સાથે, જે તે સંસ્થાને ચલાવવા માટે સોંપી દીધાં. આમ, ડિઝાસ્ટર મેનેજમેન્ટમાં પી.એન.આરે. ઉત્તમ રાષ્ટ્રીય અને વૈશ્વિક સેવા બજાવી.

## એમ્બ્યુલન્સ સેવા

આસપાસના ગામડાંઓમાંથી પિડિતોને સેન્ટર સુધી લાવવા લઈ જવા તથા અતિ ગંભીર રીતે ઘવાયેલાને ઘરે સેવા પૂરી પાડવા આ રીહેબિલિટેશન સેન્ટર નીચે ૬ એમ્બ્યુલન્સ પણ મૂકવામાં આવી હતી.

## પ્રજ્ઞાચક્ષુઓને રોકડ સહાય

ધરતીકંપમાં ૧૩ પ્રજ્ઞાચક્ષુઓને નુકસાન થયું હતું. તે દરેકને રૂા.૫,૦૦૦ ની રોકડસહાય અને શશીભાઈ વાઘર તરફથી ગૃહ ઉપયોગી વસ્તુઓની કીટ આપવામાં આવી. આ પ્રસંગમાં મારી સાથે લાભુભાઈ સોનાણી, શશીભાઈ વાઘર વગેરે ઉપસ્થિત રહ્યા હતા.







# વિધવાઓને મકાન

કચ્છનાં વોંધ ગામમાં લાકડાના ૨૫ મકાનો તૈયાર કરાવ્યાં. ઈમ્પેક્ટ (યુ.કે.) ના ચીફ એક્ઝિક્યુટિવ કલેર હિક્સ અને લેડી પ્રાન્સ કચ્છની મુલાકાત માટે આવ્યાં ત્યારે તેના હસ્તે, ભૂકંપમાં વિધવા બનેલી બહેનોને તે અર્પણ કરાયા હતાં. સાથે લેડી પ્રાન્સ, ડૉ.માઈકલ લોરેન્સ, એલિઝાબેથ વગેરે રહ્યાં હતાં. આ માટે હિન્દુસ્તાન પેન્સિલ્સના બાબુભાઈ સંઘવી તરફથી રૂપિયા પાંચ લાખ અને મફતકાકાએ જાપાનથી રૂપિયા દસ લાખની આર્થિક સહાય મંગાવી આપી હતી.




નવા બાંધેલા શાળાના ઓરડા સૌજન્ય : હિન્દુસ્તાન પેન્સિલ્સ



# શાળાનાં ઓરડા

હિન્દુસ્તાન પેન્સિલ્સના સહયોગથી, ભૂજની ‘ઈન્દિરા ગર્લ્સ હાઈસ્કૂલ’ માટે, લાકડાના ૪ કલાસ રૂમબનાવીને ડૉ.સરધારવાલાના વરદ્ હસ્તે અર્પણ કરવામાં આવ્યા. જ્યારે વેસ્ટર્ન રેલ્વે એમ્પ્લોઈઝ યુનિયનના યોગદાનથી, અંતરિયાળ ગામડામાં શાળાનો એક વર્ગ બનાવી આપ્યો.

# બિલ ક્લિન્ટને પ્રશંસા કરી

કચ્છના ધરતીકંપની અસર ઠેઠ અમદાવાદમાં પણ થઈ તેમાં ચાર માળના એક મલ્ટીસ્ટોરી બિલ્ડિંગનાં ભોંયતળિયે દબાઈ ગયેલાં પીડિતોમાંથી, ૧૨ વર્ષની પૃથા દેસાઈને મલબા નીચેથી હાથ કાપીને બહાર



અમેરિકાનાં પૂર્વ પ્રમુખ સંસ્થાના વર્કશોપમાં બનાવેલા પૃથા દેસાઈનાં કૃત્રિમ હાથથી દોરેલુ ચિત્ર જોઈને ખુશ થઈ ગયા.

કાઢવામાં આવી. આ બાળાનો કૃત્રિમહાથ પી.આર.વી.ના રીહેબિલિટેશન સેન્ટરમાં બનાવી આપ્યો. અમેરિકાના પૂર્વ પ્રમુખ બિલ કિલન્ટને અમદાવાદમાં ધરતીકંપ પીડિતોની મુલાકાત કરી ત્યારે પૃથાનો કૃત્રિમહાથ જોઈને કિલન્ટન સાથેના માઈક્રોન્યુરો સર્જને તેની કવૉલિટીથી સંતોષ વ્યકત કર્યો હતો. પૃથાએ, કૃત્રિમહાથથી બનાવેલું તેનું પેઈન્ટિંગ બીલ કિલન્ટનને ભેટ આપ્યું હતું. તે જોઈને કિલન્ટન ખૂબ પ્રસન્ન થયા હતા.

## એક કરોડ વપરાયાં

ધરતીકંપનો આ સેવાયજ્ઞ એક વરસથી વધુ ચાલ્યો. તેમાં રૂપિયા એક કરોડથી વધારે રકમનો ખર્ચ થયો. આ ખર્ચના યોગદાનમાં ઈમ્પેકટ ફાઉન્ડેશન યુ.કે., હિન્દુસ્તાન પેન્સિલ્સ, મફતકાકા, ભાવનગર નાગરિક સહકારી બેંક, રેડક્રોસ સોસાયટી અને અનેક નામી અનામી દાતાઓનું યોગદાન તથા પ્રતાપભાઈ શાહ, ગુણવંતભાઈ વડોદરીયા, મણિભાઈ ગાંધી, શશીભાઈ વાધર, ગિરીશભાઈ શાહ વગેરેનું માર્ગદર્શન મળ્યું જેથી આ અભિયાન પાર પાડી શકયાં.

## પ્રશંસાને બદલે પેનલ્ટી

કચ્છના ધરતીકંપમાં રાહત પહોંચાડવા અમે રાત-દિવસ જોયા વગર ઝઝૂમ્યાં. સરકારની એક પાઈ લીધા વગર ૧ કરોડથી વધુ દાન મેળવીને ખર્ચ કર્યો. સેવાકીય કામ બદલ સરકારે પ્રશંસા પત્ર તો ન આપ્યો પરંતુ કેમ્પના હિસાબનાં રીટર્ન ભરવામાં ટેક્નિકલ ભૂલ કાઢીને ઈન્કમટૅકસ કમિશ્નરે રૂા. ૩૩ લાખની પેનલ્ટીની નોટિસ હાથમાં પકડાવી. આ નોટિસે અમારી ઊંઘ ઉડાડી દીધી. ભાવનગરથી અમદાવાદ સુધી ડેપ્યુટી કમિશ્નર સુધી લડયા ત્યારે માંડ બે વર્ષે છૂટકારો થયો.

# શ્રીમતી માલતીબહેન અને શ્રી શ્યામલાલ દલાલ હેન્ડિકેપ્ડ વેલ્ફેર કોર્પસ ફંડ: વિકલાંગોને સાધન સહાયનો નવતર પ્રયોગ



## હેન્ડિકેપ્ડ વેલ્ફેર કોર્પસ ફંડ

મોબિલિટી-ગતિશિલતા એ વિકલાંગોની સૌથી મોટી સમસ્યા છે. મોબિલિટી વગર તે ઘરની ચાર દીવાલો વચ્ચે કેદ થઈ જાય છે અને મોબિલિટી એઈડ વગર કોઈ પશુની જેમ ઢસડાઈને ચાલે છે,તો કોઈ હુષ્ટપુષ્ટ વિકલાંગને તેની કૃશ:કાય માતા ઊંચકીને જતી જોવા મળે છે, આ સ્થિતિ દયનીય હોય છે. વિકલાંગતા એ કાયમી સ્થિતિ છે. મોબિલિટી એઈડથી વિકલાંગોની પીડા ઓછી કરી શકાય છે. એક વખત તે ઘરમાંથી બહાર નીકળે પછી નીચે ધરતી અને ઉપર આકાશની કોઈ સીમા નથી.

પી.એન.આર. સોસાયટી અને સંલગ્નિત સંસ્થાઓમાં એક હજારથી વધારે વિકલાંગ બાળકો શિક્ષણ, તાલીમઅને સારવાર લેતા હોય છે. આ સેરીબ્રલ પાલ્સી, લોકોમોટર ડિસેબલ્ડ, ડેફ, બ્લાઈન્ડ અને મેન્ટલી રિટાર્ડેડ બાળકોને મોબિલિટી એઈડ અને શિક્ષણના સાધનો એ પાયાની જરૂરિયાત હોય છે. આ જરૂરિયાતને પૂરી કરવા સંસ્થાને વર્ષે ૧૨-૧૪ લાખ રૂપિયાનો ખર્ચ થતો હતો. વર્ષોવર્ષ વધતા જતા આ ખર્ચને પહોંચી વળવા માટે અમે દોઢ કરોડ રૂપિયાનું હેન્ડિકેપ્ડ વેલ્ફેર કોર્પસ ફંડ ઊભું કરવાનો એક નવતર પ્રયોગ કર્યો. આ કોર્પસના વ્યાજમાંથી વિકલાંગ લાભાર્થીઓને વ્હિલચેર, ટ્રાયસિકલ, કૃત્રિમહાથ-પગ, વોકર, સ્પેશ્યલ સી.પી. ચેર, હિયરિંગ એઈડ, બ્રેઈલ કીટ, યુનિફોર્મ, રિક્ષા સહાય, મેડિક્લેમનું પ્રિમિયમ વગેરે આપવાનું આયોજન કર્યું. કોર્પસ ફંડના વ્યાજમાંથી કાયમી ધોરણે વિકલાંગોને સાધન સહાયનો આ અમારો પહેલો પ્રયોગ હતો. આ યોજનાને દાતાઓનો કેવો પ્રતિભાવ મળશે તે બાબતે અમે દ્વિધા અનુભવતા હતા.

## કાકાની મરણમૂડીનું દાન

દરમ્યાન સંસ્થાના ચેરમેન નટવરભાઈ દેસાઈએ આ યોજનાની વાત પુલોમાબહેન દલાલ અને દુષ્યંતભાઈ દલાલને કરી. આ બંને ચાર્ટડ એકાઉન્ટન્ટ દંપતીની ઓફિસ મુંબઈમાં પી.એન.આર.ની ઓફિસની બાજુમાં આવેલી છે. વ્યવસાયમાં અતિ વ્યસ્ત આ દંપતી માનવ સેવાના કામમાં રસ ધરાવતા હતાં. તેને આ યોજના ગમી. તુરંત પુલોમાબહેન સંસ્થા જોવા ભાવનગર આવી

**પુલોમાબહેન સંસ્થા જોવા આવી પહોંચ્યા. પ્રભાવિત થયા. કાકી માલતીબહેન અને કાકા શ્યામલાલ દલાલની સ્મૃતિમાં હેન્ડિકેપ્ડ વેલ્ફેર કોર્પસ ફંડની યોજના શરૂ કરવા દાન આપ્યું**



**વચમાં દાતા પુલોમાબહેન અને દુષ્યંતભાઈ, ચેક અર્પણ**

પહોંચ્યાં. સંસ્થાની પ્રવૃત્તિઓ પ્રત્યક્ષ નિહાળીને તેઓ વધુ પ્રભાવિત થયાં અને તેમના કાકી માલતીબહેન અને કાકા શ્યામલાલ દલાલની સ્મૃતિમાં હેન્ડિકેપ્ડ વેલ્ફેર કોર્પસ ફંડની યોજના શરૂ કરવા તેમણે સંસ્થાને રૂપિયા ૫૧ લાખનું દાન આપ્યું. આ શ્યામલાલ દલાલ, ધીરૂભાઈ અંબાણીના જમણા હાથ સમાન હતા. પોતાની નિષ્ઠા અને પ્રામાણિકતાથી ધીરૂભાઈનો વિશ્વાસ તેમણે કેળવ્યો હતો. આમ, પુલોમાબહેને કાકાની મરણમૂડીનું દાન કરવા અમારી સંસ્થાને પસંદ કરીને સંસ્થાનું ગૌરવ વધાર્યું.

## રાજભાઈએ સૌનો ઉત્સાહ વધાર્યો

હવે આ કોર્પસ ફંડની સફળતા માટે અમે વધારે આશાવાદી થયા. તે દિવસે સંસ્થાના પ્રમુખ દીપચંદભાઈ ગાર્ડીના ઘરે સંસ્થાની AGMની મીટિંગ હતી. તેમાં આ કોર્પસ ફંડની વાત ચાલી. મીટિંગમાં ઉપસ્થિત રાજભાઈએ આ કોર્પસ ફંડ માટે રૂપિયા વીસ લાખનું દાન આપવાની જાહેરાત કરી સૌનો ઉત્સાહ વધાર્યો. આ રાજભાઈ એટલે પી.એન.આર.ના પ્રમુખ દાતા કાંતિલાલ નારણદાસ શાહના પુત્ર અને નરેન્દ્રભાઈના નાના ભાઈ.

## સાસુની સ્મૃતિમાં વહુનું દાન

સાંભળીને આશ્ચર્ય થાય પણ વાત સાચી છે. સાસુમા ત્રિવેણીબહેન ભટ્ટની સ્મૃતિમાં તેના વહુ (સ્વ.) હીરાલક્ષ્મીબહેને કોઈ માનવતાના કાર્યમાં યોગદાન આપવા વીલ કરીને પૈસા રાખ્યા હતા. આ ચુસ્ત ગાંધીવાદી હીરાલક્ષ્મીબહેને પોતાની હયાતી પછી, આ કાર્ય પાર પાડવા તેમનાં બહેન શ્રીમતી દુર્ગાબહેનને વિલના એક્ઝિક્યુટર નીમ્યાં હતાં. આ પરિવારના ભરતભાઈ અને ચેતનાબહેન ભટ્ટે ગુજરાતની સારી

**સાસુમા ત્રિવેણીબહેન ભટ્ટની સ્મૃતિમાં તેના વહુ (સ્વ.) હિરાલક્ષ્મીબહેને પી.એન.આર. સોસાયટી પર પસંદગી ઉતારી રૂપિયા દસ લાખનો ચેક અર્પણ કર્યો.**




**એક્ઝિક્યુટર શ્રીમતી દુર્ગાબહેન દ્વારા પી.એન.આર. સોસાયટીને ચેક અપર્ણ**

સંસ્થાઓની શોધખોળ આદરી. બંનેએ પી.એન.આર. સોસાયટી પર પસંદગી ઉતારી તેમને પણ આ કોર્પસ ફંડની યોજના ગમી એટલે દુર્ગાબહેનને લઈને ભાવનગર આવ્યા અને રૂપિયા દસ લાખનો ચેક અર્પણ કર્યો.



## નવતર પ્રયોગનો ચમત્કાર

આ ત્રણ માતબર રકમના દાન પછી લાખ, બે લાખની રકમ ઘણા દાતાઓએ મોકલાવી. ફંડ એક કરોડનો આંકડો વટાવી ગયું. વર્ષ ૨૦૧૨-૧૩ થી ૨૦૧૮-૧૯ સુધીમાં આ કોર્પસ ફંડના રૂા. ૪૪,૭૦,૨૫૨/- ના વ્યાજમાંથી ૩,૧૬૭ વિકલાંગ લાભાર્થીઓને મોબિલિટી એઈડ વગેરે આપવામાં આવ્યા. આ ચમત્કાર, દાતાઓની સંવેદનાને જગાડી શકે એવા કોર્પસ ફંડની યોજનાના નવતર પ્રયોગને કારણે થઈ શક્યો.







# બાંગ્લાદેશની યાદગાર મુલાકાત

## ટેક્નૉલૉજી ટ્રાન્સફર

વિકલાંગો માટે કૃત્રિમહાથ પગ અને કેલિપર બનાવવાની અમારી સાદી, સરળ અને ટકાઉ દેશી ટેકનોલૉજિથી ઈમ્પેકટ યુ.કે.ના ચીફ એક્ઝિક્યુટિવ કલેર હિક્સ બહુ પ્રભાવિત થયા હતા. ઈમ્પેકટ બાંગ્લાદેશ માટે આ ટેકનોલૉજિ આપવા તેમણે પ્રસ્તાવ મૂક્યો. અમે ટેકનોલૉજિ ટ્રાન્સફર કરવા સંમતિ આપી. ઈમ્પેકટ બાંગલાદેશના ડાયરેકટર પ્રજ્ઞાચક્ષુ મનસુર ચૌધરીની સાથે તેની આસિસ્ટન્ટ ડાયરેકટર ક્રિસ્ટીના રોઝારીઓ તથા તેના ફાઉન્ડર ટ્રસ્ટી ડૉ.રઝુલ હક્ક ૧૭ એપ્રિલ ૨૦૦૩ ના ભાવનગર આવી પહોંચ્યા. તેમણે ટેકનોલૉજિ અને પ્રિવેન્શન પ્રોગ્રામની માહિતી મેળવી આશ્ચર્ય અનુભવ્યું. તેમણે બાંગ્લાદેશ પાછા જઈને ટેકનોલોજી શીખવા કારીગરોને ભાવનગર મોકલ્યા. એક વરસમાં એ સ્કિલ્ડ વર્કરોની ટીમતૈયાર થઈને ગઈ. ઈમ્પેકટ ફાઉન્ડેશન બાંગ્લાદેશનું મસુદુલ હક્ક મેમોરિયલ કોમ્યુનિટિ હેલ્થ સેન્ટર બાંગ્લાદેશના ચૌડંગા ડિસ્ટ્રિક્ટ હેડકવાર્ટરમાં આવેલું હતું. તેની નીચે પ્રાયમરી હેલ્થકેર, મધરહુડ સ્ક્રીનિંગ, હોમગાર્ડનિંગ, ઈમ્યુનાઈઝેશન, મધર્સ કલબ, અને ન્યુટ્રિશન ઍક્ટિવિટિઝની કામગીરી ચાલતી હતી. તેમાં 'સર જોન વિલ્સન આસિસ્ટિવ ડિવાઈઝ વર્કશોપ' અમારી ટેકનોલોજિની મદદથી શરૂ થઈ રહ્યું હતું. આ પ્રસંગે કલેર હિક્સ અને ઈમ્પેકટ યુ.કે.ના ચેરમેન ડેવિડ વોકર આવવાના હતા અને મારે પણ ખાસ હાજર રહેવું તેવો કલેરનો આગ્રહ હતો.



લાલ શર્ટમાં મનસુર ચૌધરી, પાછળ ડૉ. હક્ક અને ક્રિસ્ટીના

## લોકજીવનનાં દર્શન

અમે કલકત્તા સુધી ટ્રેનમાં અને ત્યાંથી બાય રોડ મુસાફરી કરીને ૨૯ ઓકટો. ૨૦૦૪ ચૌડંગા પહોંચ્યાં. મારી સાથે મારી પત્ની ઈલા, અશ્વિનભાઈ પંડયા અને તેના પત્ની ગીતાબહેન તથા અંતુભાઈ રાવળ હતા. વિવિધ દેશ અને પ્રદેશના લોકજીવનના દર્શન થાય અને પૈસા પણ બચે એ હેતુથી અમે મુસાફરીનો આ મોડ પસંદ કર્યો હતો. બાંગ્લાદેશમાં દાખલ થતાં અમને ઈમ્પેકટના ઓફિસર દેવદાસ અને અલાઉદ્દીન બોર્ડર ઉપર લેવા આવ્યા હતા. ઈમિગ્રન્ટ ઓફિસમાં માણસોની અફડાતફડી ચાલતી હતી. મને થયું આમાં વારો કયારે આવશે ? પરંતુ અલાઉદ્દીને અમારા પાસપોર્ટ અને વિઝા સાથે બાંગ્લાદેશની કડકડતી બે નોટ મૂકી અને અમારી ગણતરી વી.આઈ.પી.માં થઈ ગઈ. અહીંયાં પણ આપણી જેમ લોલમલોલ ચાલતું જોઈ મને નવાઈ ન લાગી.

અમે ચૌડંગા જવા મોટરમાં બેઠાં.

**અહીં મચ્છીને વેજીટેરિયન ફૂડ સમજવામાં આવે છે !**



**ક્લેર હિક્સ, ઈલા, મારી બાજુમાં અંતુભાઈ રાવળ, ગીતાબહેન અને પાછળ ડેવિડ વોકર**

રસ્તામાં કયાંક નાના ગામડાં તો કયાંક શહેર અને બજાર આવતી હતી. પાકિસ્તાન અને બાંગ્લાદેશ બંનેમાં મુસ્લિમ આબાદી હોવા છતાં અહીં લોકોની રહેણીકરણી અને પહેરવેશમાં ખાસ્સો તફાવત જોવા મળ્યો. અહીં સ્ત્રીઓ સાડી પહેરે છે. બુરખા તો કયાંય જોવા ન મળ્યા અને પુરુષો પેન્ટ બુશશર્ટ. માથે ટોપી તો ભાગ્યે જ જોવા મળી. અહીં ગરીબી ઘણી છે. રમઝાન મહિનો ચાલતો હતો ને બોર્ડરથી ટેમ્પોમાં નાનીનાની વાછડી-વાછડા અને બકરા ભરીને લઈ જવાતા જોવા મળ્યા. મેં પૂછયું તો કહે અમારે ત્યાં શોર્ટેજ છે, 'મોટા થાય તે પહેલાં પશુની કતલ થઈ જાય છે.' અહીં જમીન ઓછી અને વસતી વધુ છે. ચારે તરફ ફરતી નદીઓ એટલે ખેતી ફકત નામની. લોકોનો મુખ્ય ખોરાક મચ્છી છે. દરેક ઘરની પાછળ તમને મચ્છી ઉછેરવાનું તળાવ જોવા મળશે.

અહીં મચ્છીને વેજીટેરિયન ફૂડ સમજવામાં આવે છે! તેની તો સ્વપ્ને પણ ખબર ન હતી. અમારા માટે તદ્દન વેજીટેરિયન જૈન ફૂડની સૂચના છતાં પહેલા દિવસે ડેવિડ વોકર, કલેર, રઝુલ હક્ક, અમીનભાઈ, રઝીયાબેગમઅને અમે સાથે લંચ લેવા બેઠા ત્યારે શણગારીને મૂકેલા બૂફે ટેબલ ઉપર બ્રેડ, બટર, ભાજી અને રાઈસ સાથે જાતજાતની મચ્છી પણ મૂકવામાં આવેલી હતી. આ જોઈને અમારી મહિલા સભ્યો ચીસ પાડી ઉઠી! પછી બીજા દિવસથી ઈલાએ જ અમારું રસોડું સંભાળી લીધું.

## ફિશ પોન્ડ

ઈમ્પેકટ બાંગ્લાદેશનો આવકનો સોર્સ બતાવવા સાંજના અમને એક ફીશ પોન્ડ ઉપર લઈ જવામાં આવ્યા. આ જગ્યા સરકાર પાસેથી ઈમ્પેકટે ખરીદી હતી. તળાવમાં માછલાંનો ઉછેર કરી તેમાંથી મોટી આવક મેળવવામાં આવતી. આપણી સંસ્થાના આવકના સ્રોત અને ત્યાંના તદ્દન જુદા. જે માન્યામાં આવે નહીં. પણ હકીકત ખરી હતી.

## ફ્લોટિંગ હૉસ્પિટલ

ગંગા, જમુના અને બ્રહ્મપુત્રા નદીઓનાં મુખત્રિકોણાકાર આગળ કાંપવાળા પ્રદેશથી ઘેરાયેલા બાંગ્લાદેશમાં રસ્તા ઓછા અને નદીઓ વધુ છે. સર જોન વિલ્સને ઈમ્પેકટ બાંગ્લાદેશને 'Jibon Tari ફ્લોટિંગ હોસ્પિટલ આપેલી હતી. સી પ્લેનમાં બેસીને આ હોસ્પિટલ જોવાનો રોમાંચ અમે અનુભવ્યો. નદીનાં વહેણ સાથે દર્દીઓથી ઉભરાતી આ હોસ્પિટલને ગામેગામફેરવવામાં આવતી હતી. તેમાં





તરતી હોસ્પિટલ

**સર જોન વિલ્સને ઈમ્પેક્ટ બાંગ્લાદેશને ફ્લોર્ટિંગ હૉસ્પિટલ આપેલી હતી. સી પ્લેનમાં બેસીને આ હૉસ્પિટલ જોવાનો રોમાંચ અમે અનુભવ્યો.તેમાં આઉટ ડોર, ઈન્ડોર અને ઑપરેશનની અદ્યતન સુવિધા હતી.**

આઉટ ડોર, ઈન્ડોર અને ઓપરેશનની અદ્યતન સુવિધા હતી. આ હોસ્પિટલના ડૉક્ટર ભાવનગર આવીને પોલિયો સર્જરીની ટ્રેનિંગ લઈ ગયા હતા.




સી-પ્લેનની સફર

# સેન્ટરનું ઉદ્‌ઘાટન

બીજા દિવસે સાંજના કૃત્રિમસાધનોનાં વર્કશોપનું ઉદ્‌ઘાટન ઈમ્પેક્ટના ચેરમેન ડેવિડ વોકરના વરદ્ હસ્તે કરવામાં આવ્યું. આ સેન્ટરને ‘સર જોન વિલ્સન આસિસ્ટિવ ડિવાઈસ સેન્ટર’ નામઆપવામાં આવ્યું. તેમાં કૃત્રિમસાધનો ઉપરાંત ફિઝિયો અને ઓક્યુપેશનલ થેરાપી વગેરેની સુવિધા હતી. ઉદ્‌ઘાટન પછી ગ્રાઉન્ડમાં અમારે માટે ઈફ્તાર પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું.




**બાંગ્લાદેશ ચૌડંગામાં કૃત્રિમ સાધનોનાં વર્કશોપનું ઉદ્‌ઘાટન વચમાં ડેવિડ વૉકર, મારી બાજુમાં ક્લેર હિક્સ**

# મધર્સ ક્લબ

ઈમ્પેક્ટ બાંગ્લાદેશે અંતરિયાળ ગામડાંઓમાં ૯૦૦ મધર્સ ક્લબમાં ૨૦,૦૦૦ મહિલાઓને જોડીને પોવર્ટી એલિવેશનનું બહુ મોટું કામ કર્યું હતું. અહીં ઘરની આજુબાજુ શાકભાજી ઉગાવીને મહિલાઓ આવક ઊભી કરે છે. અભણ મહિલાઓને ચિત્રો દ્વારા ન્યુટ્રિશનના પાઠ ભણાવવામાં આવે છે. ક્લબની મહિલાઓ બાળકોનાં ઈમ્યુનાઈઝેશન માટે પણ ઘણી જાગૃતિ ધરાવતી જોવા મળી. તેમાંથી પ્રેરણા લઈને મધર્સ ક્લબનો આ પ્રોગ્રામઅમે ઘણાં વર્ષ સુધી તળાજા તાલુકામાં ચલાવ્યો હતો.

## ઢાકામાં ભાવતું ભોજન

ચોથે દિવસે અમે સુંદર શહેર ઢાકા આવી પહોંચ્યા. દેવદાસે અમારો ઉતારો હોટલ રોઝવુડમાં કરાવ્યો હતો. આ હોટલમાં બુખારા રેસ્ટોરન્ટ હતું. આખા ઢાકામાં માત્ર અહીંયાં જ સાઉથ ઈન્ડિયન ફૂડ મળતું હતું. ચૌડંગામાં અમે ભૂખ્યા રહેતાં હતાં. દેવદાસ અમારી હાલત સમજી ગયો હતો. અહીં હોટલમાં અમને ભાવતું ભોજન મળી ગયું.

## સિમ્બોલ ઓફ કોમ્યુનલ હારમોની

તે દિવસે સાંજે અમે ડૉ.રઝુલ હક્કના ઘરે ડીનર માટે પહોંચ્યાં. તેની પત્ની ઈંદ્રાણીએ ઘરમાં પ્રવેશતાં જ બે હાથ જોડી નમસ્કાર કરી હસતા મુખે અમારું સ્વાગત કર્યું. ગોરોવાન, કપાળમાં મોટો લાલ ચાંદલો, બંગાળી સાડીમાં સજ્જ આ સન્નારીને જોઈને મને તો એમ થયું કે કોઈ બીજાનાં ઘરમાં આવી ગયા કે શું ? પરંતુ ના આ ડૉ.રઝુલ હક્કનું જ ઘર હતું. વિદ્વાન ડૉ. હક્ક સીનિયર ડેમોકેસી એડવાઈઝર, RDRS-GENEVA, રોયલ કોમનવેલ્થ સોસાયટી અને સ્ટેટ યુનિવર્સિટીમાં મહત્વના હોદ્દા ઉપર સેવા આપતા હતા. તેમના ઘરમાં મુજીબર રહેમાન સાથે રવીન્દ્રનાથ ટાગોરના ફોટા લટકતા હતા. ઈન્દ્રાણીની બે દીકરીઓના નામ પણ હિન્દુ ધર્મની અપ્સરાઓના નામ પરથી હતાં. આ રીતે એક છત્ર નીચે મુસ્લિમ અને હિન્દુ ધર્મનાં પરિવારનો સુમેળ મને વાસ્તવિક જીવનમાં પહેલી વખત જોવા મળ્યો હતો. અમે ત્રણ ચાર દિવસથી પેટ ભરીને જમતા નથી તે ઈન્દ્રાણીબહેન બરાબર જાણી ગયાં હતાં. તેણે અમારા માટે ખમણ ઢોકળાં, સમોસા, પરોઠા, શાક, રસગુલ્લાની જાતજાતની વાનગીઓ બનાવી હતી. તે દિવસે અમે જમતાંજમતાં બાંગ્લાદેશ, મુક્તિવાહિની, અને બાંગ્લાદેશનો લોહિયાળ સંગ્રામ- વગેરેની વાતો મોડે સુધી કરી.

**અમે ડૉ. રઝુલ હક્કના ઘરે ડીનર માટે પહોંચ્યા. તેની પત્ની ઈન્દ્રાણીએ ઘરમાં પ્રવેશતા જ બે હાથ જોડી નમસ્કાર કરી હસતા મુખે અમારું સ્વાગત કર્યું. ગોરો વાન કપાળમાં મોટો ચાંદલો, બંગાળી સાડીમાં સજ્જ આ સન્નારીને જોઈને મને તો એમ થયું કે કોઈ બીજાનાં ઘરમાં આવી ગયા કે શું ?**



મધર્સ કલબ



કિચન ગાર્ડન

# ઈન્ટરનેશનલ કોન્ફરન્સમાં પોલિયો કરેક્ટિવ સર્જરી

## 'રોલ ઑફ કેમ્પ સર્જરી'

દુનિયામાં વિકસિત દેશોમાં બાળકોને રસીના ટીપાં સમયસર પીવડાવવાને કારણે, વર્ષો પહેલાં પોલિયોનો રોગ નાબૂદ થઈ ગયો હતો. ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ, શ્રીલંકા જેવા દુનિયાનાં પછાત, અર્ધવિકસિત અને



વિકાસશીલ દેશોમાં, અસરકારક સરકારી વ્યવસ્થાતંત્રની કમી અને પ્રજામાં જાગૃતિના અભાવને કારણે બાળકોનું ૧૦૦% રસીકરણ થઈ શકતું ન હતું અને ખાસ કરીને પાકિસ્તાન જેવા રૂઢિચુસ્ત મુસ્લિમદેશો કે જયાં પોલિયોની રસી પીવડાવીને અન્ય ધર્મના લોકો મુસ્લિમોનું ધર્માંતરણ કરાવે છે તેવી માન્યતા ઘર કરી ગયેલી. ૨૦૧૫ની સાલમાં જ પાકિસ્તાનના ક્વેટા શહેરમાં પોલિયો નાબૂદી માટે રસીકરણનું કામકરી રહેલા ૧૩ સ્વયંસેવકો, ડૉક્ટરો અને પૅરામેડિકલ સ્ટાફની હત્યા કરવામાં આવેલી. આ એજ ક્વેટા શહેર છે કે જયાં તા. ૮-૧૦-૨૦૦૫ના દિવસે થયેલા તીવ્ર ભૂકંપને કારણે ૨૫,૦૦૦ લોકોનાં મૃત્યુ થયેલાં અને તેટલાંજ લોકો ઘવાયા હતાં. તા. ૨૬-૧-૨૦૦૧માં ભારતના કચ્છમાં થયેલા ધરતીકંપ વખતે ઘાયલોને સાજા કરવાના કામમાં અને વિસ્થાપિતોને સહાય કરવામાં પી.એન.આર. સોસાયટીએ મહત્ત્વ ભૂમિકા ભજવી હતી તેના આધારે ઈમ્પેકટ ફાઉન્ડેશન યુ.કે. એ ઈમ્પેકટ ફાઉન્ડેશન પાકિસ્તાનને અમારો સંપર્ક કરીને મદદ મેળવવા જણાવ્યું. પણ પાકિસ્તાન દેશનાં લોકોની રૂઢિગત માન્યતાને લીધે પાકિસ્તાન જવાનું જોખમલેવું ઉચિત અને પરવડે તેવું ન હતું. પરિણામે દર વર્ષે લાખો બાળકો પોલિયોનો શિકાર બનતા હતાં. આ એક એવો રોગ છે જે એક વખત થયા પછી મટાડી શકાતો નથી. પોલિયો થયા પછી બાળક મોટું થાય તેમકમ્મરથી નીચેના પગમાં કાન્ટ્રેક્ચર (સંકુચન) ડેવલપ થવા લાગે છે, એટલે તે

**જાગૃતિના અભાવને કારણે બાળકોનું ૧૦૦% રસીકરણ થઈ શકતું ન હતું. પોલિયોની રસી પીવડાવીને અન્ય ધર્મના લોકો મુસ્લિમોનું ધર્માંતરણ કરાવે છે તેવી માન્યતા ઘર કરી ગયેલી. પાકિસ્તાનના ક્વેટા શહેરમાં પોલિયો નાબૂદી માટે રસીકરણનું કામ કરી રહેલા સ્ટાફની હત્યા કરવામાં આવેલી.**

પોતાના પગ પર ચાલવા અશકત બની જતા હોય છે.

અમે પોલિયો કરેકિટવ સર્જરીમાં કોન્ટ્રેક્ચર રીલિઝ કરી, દર્દીને તેના પગ પર ચાલતાં કરતા હતાં. અમારી આ ઝુંબેશને ઈમ્પેકટ ફાઉન્ડેશન યુ.કે.નો સપોર્ટ મળ્યો એટલે ડૉક્ટરો અને ફિલાનથ્રોફિસ્ટોની લાઈન લાગી. દુનિયા આખીમાં આ મૂવમેન્ટના સમાચાર ફેલાઈ ગયાં. એટલું જ નહીં, પરંતુ અમે સર જોન વિલ્સન અને ડૉ.જીંજર વિલ્સનના પ્રયત્નાથી, ટ્યુનિશિયામાં ૧૯૯૭માં મળનારી ઓર્થોટિક એન્ડ પ્રોસ્થેટિક કોન્ફરન્સમાં, સંસ્થાના વિજય નાયકને હાજરી આપવા અને 'રોલ ઑફ કેમ્પ સર્જરી ટુ રિહેબિલિટેટ પોલિયોમાયલાટિસ ક્રિપલ્ડ ચિલ્ડ્રન' ઉપર, પેપરરજૂ કરવાનું નિમંત્રણ મેળવી શકયાં, એ બહુ મોટી સફળતા હતી. ત્યાર પછી આખી દુનિયાનું ધ્યાન અમારી રૂરલ પોલિયો કરેકિટવ સર્જરી મૂવમેન્ટ તરફ દોરાયું.

# ફંડ ડ્રાઈવ માટે વિદેશ પ્રવાસ

## બાબુભાઈને વિચાર સ્ફૂર્યો

સંસ્થાના સ્વપ્નદ્રષ્ટા શામજીકાકાના અવસાન પછી બાબુભાઈ સંઘવી અને નટવરભાઈ દેસાઈ પી.એન.આર. સોસાયટીમાં સક્રિય ભૂમિકા નિભાવતા હતા. બાબુભાઈ સંસ્થાનું આવકનું પાસુ સમતોલ રહે તે માટે હરહંમેશ ચિંતા કરતા. મારે અને બાબુભાઈને એક વખત વડોદરા પાસે ગોરજના મુનિ આશ્રમજવાનું થયું. ત્યાંની સંસ્થાના વિકાસમાં વિદેશના દાનવીરોનો મહત્તમફાળો જોઈને તેમનાં મનમાં વિચાર સ્ફુર્યો. મને કહે કે, 'અનંતભાઈ તમે અને નટવરભાઈ પણ એક વખત સંસ્થાના ફંડ માટે વિદેશનો પ્રવાસ કરી' આવો. મેં કહ્યું ,'બાબુભાઈ, મુંબઈમાં ફંડ કરવું એક વાત છે અને અમેરિકા, યુ.કે.માં ફંડ કરવું બીજી વાત છે.' મને અનુબેનનું દ્રષ્ટાંત આપ્યું. અનુબેન જેવી એક સીધી, સાદી,મહિલા વિદેશથી આટલું ફંડ ગોરજના મુનિ આશ્રમમાં લાવી શકે તો આપણે કેમન લાવી શકીએ? પછી તો જ્યારે કોઈ છાપાં, મેગેઝિનમાં વિદેશનાં ફંડની વાત આવે એટલે મને બાબુભાઈનો ફોન આવે, 'અનંતભાઈ તમે શું વિચાર્યું ? વિચાર શું કરો છો ઉપડો યુ.કે. અને અમેરિકા! એવું હશે તો તમારી અને ઈલાબેનની ટિકિટનો ખર્ચ હું આપીશ.' શરૂઆતમાં મને પ્રવાસ ખર્ચની ચિંતા હતી એ વાત બાબુભાઈનાં ધ્યાન બહાર નહોતી, તેઓ બહુ વિચક્ષણ માણસ હતા. તેમને પૂરી શ્રદ્ધા હતી કે વિદેશમાં ફંડ અને નવા સંપર્કો જરૂર થશે. પરંતુ મને સતત એમલાગ્યા કરતું હતું કે, પહેલી વખત વિદેશ જવાનું છે, સંસ્થાના ઘણા હિતેચ્છુઓ યુ.કે. અને અમેરિકામાં છે. પરંતુ અપેક્ષા મુજબ ફંડ ન થાય અને ખર્ચો માથે પડે તો ? એ વિચારથી બાબુભાઈનો વારંવાર આગ્રહ છતાં મેં વિદેશ માટે તૈયારી કરી નહોતી. પછી તો પી.એન.આર.ની ટ્રસ્ટી મંડળની મિટિંગમાં બાબુભાઈએ નટવરભાઈ દેસાઈ અને અનંતભાઈ શાહ ફંડ રેઈઝિંગ અને સંસ્થાના પ્રચાર માટે વિદેશ જાય અને તેમાં અનંતભાઈ તથા ઈલાબેનનું ખર્ચ પોતે ભોગવશે તેવો પ્રસ્તાવ મૂક્યો, હવે મારી પાસે કોઈ બહાનું ન હતું. મેં યુ.કે. અને અમેરિકામાં અપેક્ષિત દાતાઓ સાથે પત્રવ્યવહાર શરૂ કરી દીધો. છેવટે યુ.કે. અને અમેરિકાનો ત્રણ મહિના જેવો લાંબો પ્રવાસ હિતાવહ ન જણાયો એટલે અમે ફક્ત યુ.કે.નો પ્રવાસ કરવાનું નક્કી કર્યું. વિદેશની ધરતી ઉપર સંસ્થાના શુભચિંતકોને મળીને સંસ્થા સાથે તેમના સંબંધોને તાજા કરવા, નવા નવા શુભચિંતકો બનાવવા અને ફંડ એકત્રિત કરવું એ અમારા વિદેશ પ્રવાસનો હેતુ હતો. ફંડ માટે અમે 'સર્વશિક્ષા અભિયાન' નામની યોજના દાતાઓ પાસે મૂકી. જેમાં સી.પી., મંદબુધ્ધિ, પ્રજ્ઞાચક્ષુ અને શ્રવણમંદ શિક્ષણથી વંચિત ત્રણસો જેટલાં દિવ્યાંગ બાળકોને શિક્ષણ પૂરું પાડવા કોર્પસ ફંડ ઊભું કરવાની વાત હતી. આ યોજના લોકોને ગમી.

**વિદેશની ધરતી ઉપર સંસ્થાના શુભચિંતકોને મળીને સંસ્થા સાથે તેમના સંબંધોને તાજા કરવા, નવા નવા શુભચિંતકો બનાવવા અને ફંડ એકત્રિત કરવું એ અમારા વિદેશ પ્રવાસનો હેતુ હતો.**

## ફેરવેલથી ફંડની શરૂઆત

૭ જુલાઈ,'૦૭ મુંબઈમાં સંસ્થાનાં શુભચિંતકોની ઉપસ્થિતિમાં અમારો ફેરવેલ પ્રોગ્રામશ્રી અશ્વિનભાઈના સહયોગથી સ્વ. મફતકાકાને બંગલે 'કમલા'માં યોજવામાં આવ્યો. આ ફેરવેલ પાર્ટીનો ખર્ચ સદા પ્રેમાળ પ્રવીણભાઈ સંઘવીએ ઉપાડયુ હતુ. આ પ્રસંગે અમે અમારા પ્રવાસ અને ફંડની યોજના જાહેર કરી. આ યોજનાને કેવો આવકાર મળશે તેનો મને સતત ડર હતો. પરંતુ અમારા આશ્ચર્ય વચ્ચે મુરબ્બીશ્રી દીપચંદભાઈ ગાર્ડી તેમની નાદુરસ્ત તબિયત છતાં આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા. એ તા. ૭ જુલાઈના દિવસે તેમના પત્ની રુક્ષ્મિણીબેનની પુણ્યતિથિ અને તેમના પૌત્ર બિનોયનો જન્મદિવસ હતો. આ બંને પ્રસંગની યાદીમાં તેમણે ૧૦-૧૦ લાખ



અશ્વિનભાઈ મહેતાનાં નિવાસસ્થાને ફેરવેલ ફંકશન

**તે રાત્રે હું પચાસ હજાર રૂપિયાનો ચેક આપનાર જયંતભાઈના વિચારમાં ખોવાઈ ગયો. એ કંઈ અબજોપતિ ન હતાં. સવારે પાંચ વાગે છાપાં વહેંચવાથી સ્ટોરની શરૂઆત થાય.**

રૂપિયા આ યોજના માટે જાહેર કર્યા. આ ઉપરાંત શ્રી મોહનભાઈ પટેલ, શ્રી મહેશભાઈ ઠક્કર, શ્રી અરુણભાઈ પારેખ, શ્રી વિનોદભાઈ બંગાળી, શ્રી કનુભાઈ શેઠ, શ્રી રસિકભાઈ દોશી, શ્રી રૂપારેલ ચેરીટેબલ ટ્રસ્ટ વગેરેએ પણ સાતેક લાખના દાન જાહેર કર્યા. આ રીતે વિદેશ જતા પહેલાં મુંબઈમાં જ ૨૭ લાખ રૂપિયા જેવી રકમએકત્ર થતાં અમારા ઉત્સાહમાં વધારો થયો.

## સ્નેહી, મિત્રોનો સહયોગ

૧૫ જુલાઈ, ૨૦૦૭ અમારે મુંબઈથી લંડન ઉપડવાનું હતું. લંડનનું એરપોર્ટ બહુ મોટું છે. ક્યાં અટવાઈ જઈએ તેનો ભરોસો નહીં. એટલે મેં અમારા નવજવાન સંઘના કાર્યકર ફૈઝુલા ધીયાવડવાલા સાથે નક્કી કરી રાખ્યું હતું. ફૈઝુલા ઘણા વર્ષથી લંડનમાં વસેલા છે. તેમણે મને ખાતરી આપેલી કે, 'હું એરપોર્ટ ઉપર તમને લેવા આવીશ. ઉપરાંત તમારા રોકાણ દરમ્યાન સાથે રહીને કંપની પણ આપીશ અને બધી જગ્યાએ જવા આવવા માટે મારી કાર છે. ચિંતા ન કરતા.' લંડનમાં ટેક્સી બહુ મોંઘી છે અને સોમથી શુક્ર કોઈને આપણા માટે ટાઈમન હોય. તેથી કોઈ નિવૃત્ત સ્વજન સાથે રહે અને પોતાની ગાડીની ઓફર કરે તે તો સોનામાં સુગંધ ભળ્યા જેવું થાય. એવી જ રીતે સંસ્થાનાં શુભેચ્છક અને દાતાશ્રી જયંતભાઈ કારીયાનો પ્રેમાળ પત્ર પણ આવેલો તેમણે જે કાંઈ સેવા જોઈએ તે આપવાની ઓફર કરી હતી. નટવરભાઈના લંડનમાં રહેતા મિત્ર રજનીભાઈ સાથે મુંબઈથી ફોન ઉપર વારંવાર વાત થતી હતી તેમણે પણ, 'મૂંઝાશો નહીં અને હું મારાથી બનતું બધુ કરીશ' તેમકહેલું. પ્રકાશભાઈ દેસાઈએ મુંબઈથી તેના એક મિત્ર સૌનકભાઈ ઝરીવાલાને લંડનમાં અમારા માટે ઉતારાની વ્યવસ્થાનું કામસોંપ્યુ હતું. તેમણે અમારા માટે હેરોમાં સુંદર એપાર્ટમેન્ટ ભાડાથી રાખ્યું હતું. અહીં હોટલો બહુ મોંઘી હોય છે, તેના વિકલ્પે એપાર્ટમેન્ટ ભાડેથી મળે છે. અમારા એપાર્ટમેન્ટનું ભાડું ઘણું વધારે હતું. શરૂઆતમાં અમે દરેક કામમાં પાઉન્ડના રૂપિયા કરીને ગણીએ એટલે મન ન માને. પરંતુ છૂટકો નહીં, જયાં જાઓ ત્યાં આ જ સ્થિતિ હતી.

**અહીં હોટલો બહુ મોંઘી હોય છે, તેના વિકલ્પે એપાર્ટમેન્ટ ભાડેથી મળે છે. અમારા એપાર્ટમેન્ટનું ભાડું ઘણું વધારે હતું. શરૂઆતમાં અમે દરેક કામમાં પાઉન્ડના રૂપિયા કરીને ગણીએ એટલે મન ન માને.**

મુંબઈથી જેટની ફલાઈટમાં સાંજના ૫-૩૦ વાગે લંડન પહોંચ્યા. સૌનકભાઈ તેમની મોટી ગાડી લઈને એરપોર્ટ આવ્યા હતા. સાથે ફૈઝુલાને પણ લેતા આવેલા. એરપોર્ટ બહુ મોટું હતું. નટવરભાઈએ પહેલેથી અમારી ટિકિટ બુકીંગમાં વ્હિલચેર સર્વિસ માગી લીધેલી તે અમને આશીર્વાદરૂપ નીવડી. અમારા આશ્ચર્ય વચ્ચે અમારી વ્હિલચેર ચલાવનાર ત્રણે યુવાનો ગુજરાતી



**યજમાન જયંતભાઈ કારિયા,**
**પત્ની પ્રફુલાબહેન અને**
**પુત્ર હરેશભાઈ તથા પૌત્ર - લંડન.**




**જમણેથી નટવરભાઈ, જયંતભાઈ, મારી બાજુમાં ઈલા**

પટેલ હતા. ઈન્ડિયાથી અહીં ભણવા આવ્યા હતા અને ખર્ચો કાઢવા આ નોકરી પણ કરતા હતા. એરપોર્ટમાં ઈમિગ્રન્ટની વિધિ ફટાફટ પતાવીને અમે હેરોના એપાર્ટમેન્ટમાં આવી પહોંચ્યા. એપાર્ટમેન્ટમાં ગાર્ડન પાસે આવીને ગાડી ઊભી રહી તો અમારા આશ્ચર્ય વચ્ચે લોખંડનો મોટો દરવાજો ઓટોમેટિક ખૂલી ગયો, ગાડી અંદર દાખલ થઈ એટલે પાછો બંધ થઈ ગયો. કોઈ ચોકીદાર નહીં, આવું જ દરેક મકાનના દરવાજાનું. બહારથી બેલ મારો તો કોઈ દરવાજો ખોલવા આવતું નથી. અંદરથી જ બટન દબાવે એટલે દરવાજો ખૂલી જાય છે. આટલાં બધાં મકાનો છતાં બહાર કયાંય માણસો જોવા ન મળે. પહોંચ્યા ત્યારે સાંજે તો અમે બહુ થાકયા હતા એટલે અમારી સાથે હતો તે નાસ્તો કરીને મન મનાવ્યું. સવારે મુંબઈથી નટુભાઈ લાવેલા ‘રેડી-ટી’ ના પેકેટની ચા કરી, નાસ્તો કર્યો પરંતુ મન માને નહીં. ટેલિફોન કરવો, બહાર જવું કોને પૂછવું? ગઈ કાલે બહુ સારું લાગતું એપાર્ટમેન્ટ, એક રાત વીતિ ત્યાં તો વેરાન ભાસવા લાગ્યું. અહીં મહિનો કેમ રહીશું ? એ વિચાર માત્રથી મૂંઝવણ થવા લાગી.

નકકી થયા મુજબ રજનીભાઈ સવારે ૧૦ વાગે એપાર્ટમેન્ટ ઉપર આવ્યા, અમારી મૂંઝવણ સમજી ગયા તેમના ધ્યાનમાં એક બે સારી, સસ્તી પોસાય તેવી હોટલ જોવા લઈ ગયા. વેમ્બલીમાં પટેલની નાનકડી હોટલ ‘એરીના’ બધી રીતે માફક જણાઈ. બીજા દિવસે સવારે આવવાનું કહીને અમે બુકિંગ કરાવ્યું. બપોર પડી ગઈ હતી. અમે બે દિવસથી પેટ ભરીને જમ્યાં નહોતા. રજનીભાઈ અમને એક સાઉથ ઈન્ડિયન હોટલમાં લઈ ગયા ત્યાં ઈડલી, ઢોંસા, વગેરે બહુ સરસ મળ્યું. પછી આ હોટલમાં અમે ઘણી વખત જઈ આવ્યાં.

અમે જયંતભાઈ કારીયાને પણ ફોન કર્યો હતો. જયંતભાઈ સાંજે અમારા એપાર્ટમેન્ટ ઉપર આવવાના હતા તેમના ઘરે સાંજનું જમવાનું નિમંત્રણ હતું. જયંતભાઈ બહુ આનંદી માણસ છે. તેઓ સાંજે તેમની ગાડી લઈને આવ્યા ને તેમના ઘરે લઈ ગયા. તેના પત્ની પ્રફુલ્લાબેન, પુત્ર હરેશભાઈ, તેમનાં બાળકો વગેરે મળ્યાં. અમને ગુજરાતી અને ભાવતું ભોજન મળ્યું એટલું જ નહી પરંતુ જમ્યા પછી જયંતભાઈએ વગર માગ્યે રૂા.૫૦,૦૦૦/- નો ચેક આપીને લંડનફંડની

શુભ શરૂઆત કરાવી ને દિવસ સુધરી ગયો.

તે રાત્રે હું પચાસ હજાર રૂપિયાનો ચેક આપનાર જયંતભાઈનાં વિચારમાં ખોવાઈ ગયો. એ કંઈ અબજોપતિ ન હતા. આફ્રિકાથી લંડન આવ્યા હતા. ઉપર રહેવાનું ઘર અને નીચે તેની ગ્રોસરીનો સ્ટોર, તેમાં ગૃહઉપયોગી તમામ વસ્તુઓ મળે. સવારે પાંચ વાગે છાપાં વહેંચવાથી સ્ટોરની શરૂઆત થાય. બાંધેલા ગ્રાહકોના ઘરે છાપાં નાખવા માટે સાયકલ સવાર છોકરાઓ પણ ખરા. કોઈ વખત એકાદ-બે છોકરા ન આવે તો જેમના ઘરે બે મર્સિડીઝ ગાડી છે તેવા જયંતભાઈ ખુદ સાયકલ ઉપર છાપાં નાખવા જાય. જયંતભાઈ વહેલી સવારમાં નીચે સ્ટોરમાં આવે તેમના વાઈફ ચા બનાવીને નીચે લેતા આવે, લંડનમાં બપોરે જમવાનું કોઈ નામ લેતું નથી. ચા-સેન્ડવીચથી ચલાવી લે છે. સાંજના પાંચ-છ સુધી સ્ટોરમાં કામ કર્યા પછી પ્રફુલ્લાબેન ઉપર જઈ રસોઈ બનાવે. સાંજે સપરિવાર બધા સાથે જમે, થોડું ટી.વી. જુએ, ત્યાં હિન્દી, ગુજરાતી પ્રોગ્રામો આવે ને પછી રાત્રે વહેલા સૂઈ જાય.

ત્રીજે દિવસે સવારે રજનીભાઈ અને સૌનકભાઈ, બંને અમારા એપાર્ટમેન્ટ ઉપર આવ્યા અને અમને હોટલ એરીના ઉપર મૂકી ગયા. ઉપરાંત રજનીભાઈ અમારા માટે રૂા. ૨૫,૦૦૦/- ના ફંડનો ચેક પણ લેતા આવ્યા હતા. આમ ઉપરાઉપરી બે દિવસ અમારા ફંડનું કામસારું ચાલ્યું. અહીં ૯૦ પાઉન્ડમાં અમે બે રૂમ રાખ્યા હતાં. હોટલ એરીનાનાં માલિક શશીભાઈ પટેલ બહુ ભલા માણસ હતા. અહીં અમને ટેલિફોનની સેવા, રૂમની સફાઈ, સવારનો ચા-નાસ્તો, બપોરે, સાંજે જમવા માટે ગુજરાતી પટેલનાં ઘરનું ટિફિન વગેરે સેવા મળી તેથી અમારા ઘણાં પ્રશ્નો હલ થઇ ગયાં. હોટલ એરીનામાં તો અમે ઑફિસ જ ખોલી નાખી. અમે ઈન્ડિયાથી મોબાઈલ ફોન લઈ ગયેલા એ ભૂલ અમને સમજાઇ. બંને તરફથી એ મોંઘા પડે પછી ફૈઝુલાએ તેનો મોબાઈલ લોકલ કાર્ડ નાખીને આપ્યો. વહેલી સવારથી ચા-પાણી નાસ્તો કરતાં-કરતાં અપેક્ષિત દાતાઓને અમે અમારા આવવાનું કારણ, અને ફંડની વિગત આપતા. પછી સામે છેડેથી પ્રતિભાવની રાહ જોતા. પરંતુ અમને પહેલા અઠવાડિયામાં જ સમજાઈ ગયું કે લોકોની શુભેચ્છા ઘણી છે પણ અહીં ફંડ કરવાનું કપરું છે.

## લેડી એગ્રેમોન્ટનાં પેલેસમાં

૧૯ જુલાઈના ઈમ્પેકટ ફાઉન્ડેશને અમને હોટલ ઉપર ટેક્સી મોકલી. અમારે લેડી એગ્રેમોન્ટનાં પેલેસ ઉપર લંચ માટે જવાનું હતું. આ માયાળુ લેડી ઘણી વખત ભાવનગર આવી ગયેલાં. અને ઈમ્પેકટ દ્વારા તેમનું દાન સંસ્થાને મળ્યા કરતું. અમે ટેકસીમાં બેઠા. આ ટેક્સીમાં ટોમટોમ નામનું એક અદ્‌ભુત સાધન નાનકડા કેલક્યુલેટર જેટલું હતું. તે ડ્રાઈવરને રસ્તો બતાવતું તેનાં રેડીયોમાંથી અવાજ પણ આવતો. હવે





**પેલેસમાં ડાબી બાજુથી ક્લેર હિક્સ, લેડી એગ્રેમોન્ટ તેની પુત્રવધૂ, પુત્ર, નટવરભાઈ, હું અને ઈલા**



લંડનમાં લેડી વિલસનનાં કોટેજ પર મારી ડાબી બાજુ કલેર હિક્સ

**સર જોનનું ઘર, તેમની કામ કરવાની નાનકડી ઓફિસ, તેના ટેબલ-ખુરશી વગેરે જોતાં અમે રોમાંચ અનુભવ્યો. આ એ અંધ માણસનું ઘર હતું જ્યાં બેસીને તેણે વિકલાંગતાને અટકાવવાની ઝુંબેશ સમગ્ર વિશ્વમાં ફેલાવી હતી.**

જમણી તરફ વળો, પહેલા લેફ્ટને છોડીને બીજા લેફ્ટમાં ૨૦૦ મીટર પછી વળો અને અમારે ઉતરવાનું સ્થળ આવ્યું એટલે અવાજ આવ્યો તમે તમારા ડેસ્ટીનેશન પર પહોંચી ગયા છો. (હવે જો કે ભારતમાં પણ આની કંઈ નવાઈ નથી). નાનાં-નાનાં ગામડાંઓ, સુંદર ચોખ્ખા રસ્તા, ચારેય તરફ લીલાછમ ખેતરો અને તેમાં ચરતાં હૃષ્ટપુષ્ટ જનાવરો જોતાં અમે લેડી એગ્રેમોન્ટનાં પેલેસ ઉપર પહોંચ્યા. આ લોર્ડનો પેલેસ હતો. તેમનાં પુત્ર અને પુત્રવધૂએ અમારું સ્વાગત કર્યું. અમે લેડી એગ્રેમોન્ટ સાથે વાતોએ વળગ્યા ત્યાં ઈમ્પેક્ટ યુ.કે.નાં કલૈર હિક્સ અને જુડી સ્ટેગ પણ આવી પહોંચ્યા. પછી અમને આ ઐતિહાસિક પેલેસ જોવા લઈ ગયાં. મોટાં-મોટાં ખંડો, તેમાં એકએકથી ચડિયાતા વૉલ પેઈન્ટિંગ, સ્ટેચ્યુ, યુધ્ધ સમયનાં હથિયારો, એવી અનેક વસ્તુઓ કે જે સાચવવા માટે પણ ઘણાં માણસો જોઈએ તે અમે જોયું. લેડી એગ્રેમોન્ટ અમારા માટે ખાસ વેજીટેરિયન ફૂડ તૈયાર કરાવ્યું હતું. રોયલ ડિનર ટેબલ ઉપર અમારું લંચ ગોઠવાયું. જમતાં-જમતાં અને વાતો કરતાં-કરતાં બે કલાક ક્યાં પસાર થઈ ગયાં!

## લેડી વિલ્સનના કોટેજ પર

કલૈર હિક્સ અને જુડી સ્ટેગ બપોર પછી અમને લેડી જિન વિલ્સનનાં કોટેજ ઉપર લઈ ગયાં. આ માયાળુ લેડી અમારી આતુરતાથી રાહ જોતાં હતાં. લેડી જીન વિલ્સન પણ તેના મિસ્ટર સર જોન વિલ્સન સાથે ૨૦૦૨માં ભાવનગર આવી ગયાં હતાં. સર જોનનું ઘર, તેમની કામ કરવાની નાનકડી ઑફિસ, તેના ટેબલ-ખુરશી વગેરે જોતા અમે રોમાંચ અનુભવ્યો. આ એ અંધ માણસનું ઘર હતું જ્યાં બેસીને તેણે વિકલાંગતાને અટકાવવાની ઝુંબેશ સમગ્ર વિશ્વમાં ફેલાવી હતી. અમે ઘણાં સમય પછી મળ્યા એટલે ખૂબ આનંદથી વાતો કરી, જુનાં સંસ્મરણો તાજા કર્યા, બપોરના ચા-પાણી નાસ્તા માટે તેમણે અનેક વસ્તુઓ પીરસી હતી.



વચમાં ફૈઝુલા અને પત્ની ઝુબેદાબહેન - લંડન

સાંજે અમે છૂટા પડયા. આ મુલાકાત ચિરસ્મરણિય બની રહી. આવી જ રીતે જયંતભાઈ કારિયા એક દિવસ તેમની ગાડી લઈને આવ્યા અને કહે, ચાલો આપણે લંડન શહેર જોઈ આવીએ. લંડનનાં હાર્દસમા વિસ્તારમાં તેમણે અમને ખૂબ ફેરવ્યા. અત્યંત ગીચ વસ્તીવાળા વિસ્તારમાં પણ શિસ્તબધ્ધ ટ્રાફિક, અહીં રસ્તા ઉપર ટ્રાફિક પોલીસ જોવા ન મળે પરંતુ દરેક કિલોમીટરે થાંભલા ઉપર કેમેરા બેસાડેલા, તેમાં વાહનની સ્પીડ, રોંગ સાઈડ કે રાઈટ સાઈડ, પાર્કીંગ વગેરે બધી નોંધ થાય અને જરા પણ ભૂલ થાય તો પેનલ્ટીની સ્લિપ પૂરાવાઓના ફોટોગ્રાફ સાથે વાહનચાલકના ઘરે આવી જાય. ભારે દંડથી બચવા લોકો સંભાળીને વાહન ચલાવતા અમને જોવામાં આવ્યા પોતાને હલનચલનની તકલીફ હોવા છતાં ફૈઝુલા અમને અવારનવાર કંપની આપતા, અમારી હોટલ ઉપર આવે, કેવા કેવા સંઘર્ષ કરીને પોતે લંડનમાં સ્થિર થયા તેની વાતો કરતા થાકે નહીં. એક દિવસ તેના ઘરે તે અમને ડિનર માટે લઈ ગયા, તેના પત્ની ઝુબેદાબેને ખૂબ જ ઉત્સાહથી અનેક ગુજરાતી વાનગીઓ અમારે માટે બનાવી હતી. અમે મોડી રાત સુધી વાતો કરતાં પ્રેમથી તેમની સાથે જમ્યાં. પાછાં વળતાં ઝુબેદાબેને સેલ્ફ ડ્રાઈવિંગ કરીને અમને અમારી હોટલ ઉપર પહોંચાડ્યા.



**લંડનના ચર્ચમાં સત્સંગ મંડળની મીટિંગ,ફંડ માટે નટવરભાઈનું પ્રવચન**

## ગુજરાતીઓનો દબદબો

નટવરભાઈના મિત્ર મનસુખભાઈના ઘરે તથા બાબુભાઈ સંઘવીના મિત્ર ડૉ.રમણીકભાઈ મહેતાના ફાર્મ હાઉસ ઉપર અમને જમવાના નિમંત્રણ મળ્યા હતાં. ડૉ. રમણિકભાઈ જાણીતા લાયન છે. તેમના બ્રાન્ટવુડ એસક્સ ફાર્મ હાઉસ ઉપર લાયનની મિટિંગ હતી. તેમાં ફંડ રેઈઝિંગ માટે મેમ્બરોને સંબોધવા અમને થોડો સમય આપવામાં આવ્યો હતો, તેનો અમે બરાબર ઉપયોગ કર્યો. આ મિટિંગમાં કીમચંદેરીયાથી માંડીને ઘણાં મોટા મોટા ગુજરાતીઓ સપરિવાર હાજર હતાં. ડૉ. રમણીકભાઈનું વિશાળ ફાર્મ હાઉસ જોઈને અમે તો દંગ રહી ગયા. વિદેશમાં રહીને ગુજરાતીઓએ હાંસલ કરેલી સિધ્ધિ અને દબદબાની વાતો કરીએ તેટલી ઓછી છે.



**ઈમ્પેક્ટની ઓફિસમાં, જુડી સ્ટેગ, ઈલા, મારી બાજુમાં નટવરભાઈ, કલેર અને ઈમ્પેક્ટનાં ટ્રસ્ટી**

## ઈમ્પેક્ટની મુલાકાત

યુરોપના પ્રવાસથી લંડન આવીને ફરી પાછું અમે ફંડ રેઈઝીંગનું કામ શરૂ કર્યું. ૭ ઓગસ્ટનાં રોજ અમારા માટે ઈમ્પેકટ ફાઉન્ડેશનમાંથી ગાડી આવી, અમે દોઢ કલાકની મુસાફરી કરીને હેવર્ડ હીથમાં ઈમ્પેકટની ઓફિસમાં પહોંચ્યા. જયાં કલૈર હિકસ, જુડી સ્ટેગ અને તેના ટ્રસ્ટીઓએ અમારું ઉષ્માભર્યું સ્વાગત કર્યું. એટલું જ નહીં પરંતુ મને એક સુંદર મજાનો મેમેન્ટો ભેટ આપ્યો. પી.એન.આર. ઈમ્પેકટની પાર્ટનરશીપ મજબૂત બની રહે તે માટે અમારી આ મુલાકાત ઉપયોગી બની રહી. માહિતીના આદાન-પ્રદાન પછી અમારા માટે લંચની ખાસ વ્યવસ્થા ઈમ્પેકટની ઓફિસમાં જ કરવામાં આવી હતી. આ દિવસ હંમેશાં યાદ રહેશે.

**અહીં ગુજરાતી સિનિયર સીટીઝનો દર અઠવાડિયે મળે ને ભજન, કિર્તન અને નાનાં-મોટા માનવસેવાના કાર્યો કરી જીવનની ધન્યતાને અનુભવે છે. આવું જ એક સરે,સત્સંગ મંડળ ભાવનગરવાળા મહેશભાઈ કવિ ચલાવે છે.આ મંડળ છેલ્લા ૩૦ વર્ષથી એક ચર્ચમાં ચાલે છે. ચર્ચમાં હવે યુવા પેઢી આવતી નથી. ખાલી પડેલા ચર્ચ ભાડે મળે છે. જોયું તો ડાયસ ઉપર રામ, કૃષ્ણ, સાઈબાબા, બુદ્ધ, મહાવીર, જલારામ જેવા દેવી-દેવતાઓના ફોટા મૂકાયેલા હતા.**

## સત્સંગ મંડળોમાં

ડૉ.સરધારવાલાના ભાઈ, ઈલીયાસભાઈ પણ બહુ માયાળુ. અમારો લંડનનો પ્રોગ્રામ અને અમારી ફંડની યોજના તેમને મેં મોકલી ત્યારથી રોજ તેમના ઈ-મેલ આવે. તેમણે ઘણાંને વાત કરીને અમારી મિટિંગો ગોઠવી હતી. તેમના નાનાબેન ગુલશનબેન, તેના મિત્ર ડૉ. નીરુબેન અને તેના મિસ્ટર કિશોરભાઈ વગેરે વેમ્બલીમાં ઉત્સાહભેર અમારી હોટલ પર આવ્યા. અમને થોડું ફંડ આપ્યું અને બહાર હોટલમાં ગુજરાતી થાળી જમવા લઈ ગયા. અમે જયંતભાઈ સાથે નવનાતની મિટિંગમાં ગયા. અહીં બધા ગુજરાતી સિનિયર સિટીઝનો દર અઠવાડિયે મળે ને ભજન, કિર્તન, પ્રવચન, ચર્ચાઓ અને નાનાં-મોટાં માનવસેવાના કાર્યો કરી જીવનની ધન્યતા અનુભવે છે. બપોરનું લંચ પણ હોય છે. સાંજ પડતાં સૌ સિનિયર સિટીઝનો છૂટા પડે. આવું જ એક ઘરે, સત્સંગ મંડળ ભાવનગરવાળા મહેશભાઈ કવિ વિગેરે મિત્રો ચલાવે છે. આ મંડળ છેલ્લાં ૩૦-૩૫ વર્ષથી એક ચર્ચમાં ચાલે છે. ચર્ચમાં હવે યુવા પેઢી આવતી નથી.

**માન્ચેસ્ટરમાં બીજું આકર્ષણ હતું આપણા મહાવીર ઓડિટોરિયમના દાતા સ્વ. વૃજલાલ મીઠાલાલ મહેતા પરિવાર. બધા ભાઈઓ મોટો વ્યવસાય કરે છે અને સમાજમાં મોભાનું સ્થાન ધરાવે છે.**



**માનચેસ્ટરમાં ડૉ. સરધારવાલાનાં કોટેજ પર મારી બાજુમાં ઈલા, ડૉ. સરધારવાલા અને નટવરભાઈ**

ખાલી પડેલા ચર્ચ ભાડે મળે છે, એ જાણીને અમને આશ્ચર્ય થયું. અમે ગયા ત્યારે જોયું તો ડાયસ ઉપર રામ, કૃષ્ણ, સાંઈબાબા, બુધ્ધ, મહાવીર, જલારામજેવા દેવીદેવતાના ફોટા મૂકાયેલા હતા. હોલમાં સૌ ભજનમાં તલ્લીન હતા. સભ્યોએ અમારો પ્રેમપૂર્વક આદર સત્કાર કર્યો. પછી અમે અમારા ફંડ ડ્રાઈવની વાત કરી. પછી સારું એવું ફંડ એકત્રિત કરી આપ્યું.

## માન્ચેસ્ટરમાં સારો પ્રતિસાદ

તા. ૧૨ ઓગસ્ટનાં દિવસે માન્ચેસ્ટર જવાનું હતુ. ડૉ. સરધારવાલા ઈમ્પેક્ટ ફાઉન્ડેશન, યુ.કે.ના પ્રોગ્રામ માટે

**વિદેશની ધરતી ઉપર આ પરિવારે ભારતીય પરંપરા અને સંયુક્ત કુટુંબની પ્રથાને ટકાવી રાખી છે તે જોઈને ગર્વની લાગણી અનુભવી**

આપણી સંસ્થામાં ઘણાં વર્ષોથી આવે છે તેથી તેમની સાથે મારે મૈત્રીનો નાતો બંધાઈ ગયો છે. તેઓ આપણા માર્ગદર્શક પણ ખરા. તેઓ માન્ચેસ્ટરમાં રહે છે. માન્ચેસ્ટરમાં બીજું આકર્ષણ હતું આપણા મહાવીર ઓડિટોરિયમના દાતા સ્વ. વૃજલાલ વીરચંદ મીઠાલાલ મહેતા પરિવાર. બધા ભાઈઓ માન્ચેસ્ટરમાં બહુ મોટો વ્યવસાય કરે છે અને સમાજમાં મોભાનું સ્થાન ધરાવે છે. તેમની સખાવતો જાણીતી છે. પરિવારના



માનચેસ્ટરમાં વજુભાઈ મહેતાનાં ઘરે સભાખંડમાં ફંડ માટે નટવરભાઈની અપીલ. બાજુમાં હસમુખભાઈ મહેતા

હસમુખભાઈ તથા તેમના પત્ની વનિતાબેન તથા અન્ય પરિવારજનો નટરાજ કોલેજ એનેક્ષીના ઉદ્‌ઘાટનમાં ભાવનગર આવી ગયેલા. અમે ફંડ રેઈઝિંગ માટે લંડન માન્ચેસ્ટર આવીએ છીએ તેવો પત્ર પાઠવેલો ત્યારે તેમનો ઉમળકાભેર પ્રતિસાદ મળેલો, ‘તમે જરૂરથી આવો, તમારું મિશન સફળ થાય તે માટે અમે બધા પ્રયત્નો કરશું.’ તા.૧૨ ઑગસ્ટના રોજ હ્યુસ્ટન રેલવે સ્ટેશનથી અમે માન્ચેસ્ટરના પીકાડેલી સ્ટેશન જવા ટ્રેનમાં બેઠા.ડૉ. સરધારવાલાએ અમને કહ્યું કે, તમે રવિવારે ટ્રેનની મુસાફરી કરો છો માટે તે ગાડી સમયસર માન્ચેસ્ટર પહોંચવાની આશા નહીં રાખતાં. અમે ટ્રેનમાં બેઠા, ત્યાંના કોચ બહુ સરસ હોય છે. ૧૧:૫૧ કલાકે અમારી ગાડી ઉપડવાની હતી, પેસૅન્જરો ભરાઈ ગયા હતા ત્યાં થોડીવારમાં ઍનાઉન્સમેન્ટ થયું, ‘આ ગાડી કેન્સલ કરવામાં આવે છે. એક કલાક પછી બીજી ગાડી પીકાડેલી જવા ઉપડશે તેમાં આ જ ટિકિટ ચાલશે ! તકલીફ માટે ક્ષમા.’ પછી જાણવા મળ્યું કે ત્યાં રવિવારે રજા હોવાથી રેલવેના પાટા ઉપરનું રિપેરિંગ કામ કરવામાં આવતું હોય છે. તેથી ટ્રેઈનો વહેલીમોડી થાય છે. માન્ચેસ્ટર સ્ટેશન ઉપર ડૉ. સરધારવાલા અમને લેવા આવ્યા હતા. તેઓ બહુ રાજી થયા. તેમના સુંદર મજાના વિશાળ કૉટેજમાં અમે પ્રવેશ્યા. અમારા સ્વાગત માટે કેટકેટલી તૈયારી કરી રાખી હતી. હસમુખભાઈએ સાંજના ૬ વાગ્યે અમને જૈન સેન્ટરમાં આવવા કહ્યુ હતુ. ડૉ. સરધારવાલાની ગાડીમાં અમે ત્યાં ગયા. મે જોયું તો એક

વિશાળ હોલમાં જૈન મંદિર બનાવવામાં આવ્યું હતું અને સોએક જેટલા સભ્યો ભક્તિમાં તલ્લીન હતાં. અમે આ સેન્ટરમાં બે એક કલાક રોકાયા. જમ્યા, મિટિંગ કરી અને પી.એન.આર.ની સી.ડી. બતાવી. અહીં ફંડની અપીલનો સારો પ્રતિસાદ મળ્યો. દસેક લાખનું ફંડ થયું. માન્ચેસ્ટરના અમારા બે દિવસના રોકાણ દરમિયાન આ મહેતા પરિવારના હસમુખભાઈ, સુરેન્દ્રભાઈ, દિનેશભાઈ વગેરેના પરિવારના સૌ સભ્યોને મળવાનું થયું. વિદેશની ધરતી ઉપર આ પરિવારે ભારતીય પરંપરા અને સંયુક્ત કુટુંબની પ્રથાને ટકાવી રાખી છે તે જોઈને ગર્વની લાગણી અનુભવી.

એક સદ્‌ગૃહસ્થ ઈસ્માઈલભાઈ કડુજી માન્ચેસ્ટરમાં રહે છે તેમનો પરિચય અમને ડૉ. સરધારવાલા સાહેબે કરાવ્યો હતો. તેમના ઘરે અમે ચા-પાણી-નાસ્તો કરવાનું સ્વીકાર્યું હતું પરંતુ તેમના ઘરે ગયા ત્યારે જોયું તો તેમના પત્ની અને દીકરીએ એટલી બધી ગુજરાતી વાનગીઓ બનાવીને ટેબલ ઉપર મૂકી હતી કે જોઈને જ ધરાઈ જઈએ. આ ઈસ્માઈલભાઈનો પરિવાર ખૂબ જ સંસ્કારી અને લાગણીપ્રધાન. ઈસ્માઈલભાઈએ પણ અમને રૂપિયા એક લાખ પચાસ હજારનો ચેક આપ્યો.

## લક્ષ્યાંકની સિધ્ધિ

બીજે દિવસે અમે ડૉ.સરધારવાલાસાહેબ સાથે માન્ચેસ્ટરની હેન શો પ્રજ્ઞાચક્ષુઓની સંસ્થા તથા તેનું પ્રદર્શન જોવા ગયા. આપણે ભારતમાં કરીએ છીએ એવી જ પ્રવૃત્તિઓ જોવા મળી, પરંતુ તેમના સાધનો આપણાં કરતાં ઘણાં ચડિયાતા જોવા મળ્યાં. માન્ચેસ્ટરથી લંડન પરત આવ્યા ત્યારે અમારી પાસે રાત થોડી અને વેશ ઝાઝા એવી સ્થિતિ હતી.

અમારે ફંડ માટે ઘણાં લોકોને મળવાનું બાકી હતું તેમાં જયંતભાઈ કારિયા, ફૈઝુલા અને રજનીભાઈએ અમને ગાડીમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ પહોંચાડ્યા.વધુમાં વધુ ફંડ કરી શકીએ તે માટે આ બધા મિત્રોનો ઉત્સાહ સમાતો ન હતો. આ રીતે અમારા લક્ષ્યાંક મુજબ રૂપિયા એક કરોડ જેવું ફંડ એકત્રિત કરી ૨૦ ઓગસ્ટનાં રોજ મુંબઈના એરપોર્ટ પર ઉતર્યા.પી.એન.આર. સંસ્થા વર્ષોથી વિકલાંગોનાં હિતાર્થે કાર્યરત છે અને આના કારણે જ દેશપરદેશનાં શુભચિંતકો તરફથી આ માનવતાની જ્યોતિ અવિરત પ્રજ્જ્વલિત રહે તે માટે સખાવતરૂપી ઘી પૂરાતું રહે છે. સામૂહિક મન સર્વત્ર સરખું જ છે અને વૈશ્વિક છે, સર્વને સારા કામમાં યોગદાન આપવાની ઝંખના છે જેનો અમને અમારા પ્રવાસ દરમિયાન સતત અહેસાસ થયો છે.

**(જે સંસ્થાને વર્ગ શિક્ષકના પગારની ગ્રાન્ટ સરકારમાંથી મળતી ન હોય તેને દર વર્ષે આ સર્વશિક્ષા કોર્પસ ફંડનાં વ્યાજમાંથી સહાય કરવામાં આવી રહી છે.)**



**લંડનમાં ડાબી બાજુથી ડૉ. સરધારવાલા, હું, નટવરભાઈ અને દાતા ઈસ્માઈલભાઈ કડુચી**

# જબાનથી દિલોને જીતવાની કળાના જાદુગર નટવરભાઈ દેસાઈ



## શૂન્યાવકાશ

ભારતભરમાં પોલિયો ઓપરેશનની પ્રવૃત્તિ પછી પી.એન.આર. સોસાયટી દેશવિદેશમાં જાણીતી થઈ ગઈ હતી. હવે વિકલાંગોનાં પુનઃસ્થાપન માટે કામકરતી દેશની મોટી સંસ્થાઓમાં તેની ગણના થતી હતી. અમારી જવાબદારી પણ વધતી જતી હતી. આ જવાબદારીને પહોંચી વળવા માટે અમારી સામે ઘણાં પડકાર હતા. તે માટે મુંબઈની જવાબદારી શામજીકાકા બજાવી રહ્યા હતાં અને ભાવનગરની જવાબદારી મહદ્અંશે મારા શિરે હતી. ૧૯૯૭ માં મુંબઈ કમિટીના ચેરમેન શામજીભાઈ પારેખનું અવસાન થયું. ભાવનગરની સંસ્થાઓની જીવાદોરી મુંબઈનગરી હતી. શામજીકાકાના જવાથી સંસ્થામાં શૂન્યાવકાશ સર્જાયો.

## નટવરભાઈએ સુકાન સંભાળ્યું

આ શૂન્યાવકાશને દૂર કરવા મેં અને બાબુભાઈ સંઘવીએ, નટવરભાઈ દેસાઈ તરફ નજર દોડાવી. તેઓએ ઈન્સ્યોરન્સ કંપનીમાંથી રિટાયર્ડ થયા પછી, જીવનની નવી કેડી કંડારવા આધ્યાત્મિક પ્રવૃત્તિ સાથે સાહિત્ય, લલિતકલા અને માનવ સેવાનો માર્ગ પકડવાનું નક્કી કર્યું હતું અને તેઓ મુંબઈ કમિટીમાં સક્રિય પણ હતા. ચંદુભાઈ ગાંધીના આગ્રહથી તેઓએ કેટલાક વરસ પહેલાં બહેરાં-મૂંગા શાળાની મુલાકાત લીધેલી ત્યારે કેમ્પસનું નયનરમ્ય વાતાવરણ તેમને પહેલી જ નજરે સ્પર્શી ગયેલું. પછી કુદરતની કૃપાથી વંચિત એવા સુંદર મજાનાં કાલાઘેલાં શ્રવણમંદ બાળકો જોઈને આંખો ભીની થઈ, હૃદયમાં સંવેદનાની સરવાણી ફૂટી, આ સરવાણીમાં પોતે એવા તો ભીંજાયા કે પછી વર્ષોવર્ષ સંસ્થામાં આવવાનો તેમનો સિલસિલો શરૂ થયો. એટલે મુંબઈ કમિટીમાં સક્રિય થઈને સુકાન સંભાળવા તેમને સમજાવતાં અમને મુશ્કેલી ન પડી. સંસ્થાનું હિત સમજી તેઓ સહમત થયા. ફરી વખત મારી, નટવરભાઈની અને બાબુભાઈની એમત્રણની ટીમબની. હવે શામજીભાઈ પારેખ પછી જે શૂન્યાવકાશ સર્જાયો હતો તે દૂર થયો.

> **ભાવનગરની સંસ્થાઓની જીવાદોરી મુંબઈનગરી હતી. શામજીકાકાના જવાથી સંસ્થામાં શૂન્યાવકાશ સર્જાયો**

> **શૂન્યાવકાશને દૂર કરવા મેં અને બાબુભાઈ સંઘવીએ, નટવરભાઈ દેસાઈ તરફ નજર દોડાવી. રિટાયર્ડ થયા પછી, તેણે માનવ સેવાનો માર્ગ પકડવાનું નક્કી કર્યુ હતું.**

## સંસ્થાઓનો અદ્ભૂત વિકાસ

અમારો આ નિર્ણય દૂરંદેશી નીવડયો. સંસ્થાની જરૂરિયાતના નવા-નવા પ્રોજેક્ટ બનાવીને મેં નટવરભાઈને મોકલવાનું શરૂ કર્યું. તે સમયે નટવરભાઈ મુંબઈનાં જાણીતા પ્રેમપુરી આશ્રમમાં સેવા આપતા હતા. સાથોસાથ તેમણે પી.એન.આર. અને તેની સંલગ્નિત

સંસ્થાઓના પ્રોજેક્ટ માટે આર્થિક યોગદાન મેળવવાનું અભિયાન ઉપાડ્યુ. જબાનથી દાતાઓનાં દિલોને જીતવાની કળાના જાદુગર નટવરભાઈનો જાદુ તેમાં કામકરી ગયો. આ બે દાયકામાં પી.એન.આર. અને તેની સંલગ્નિત સંસ્થાઓનો અમે અદ્ભુત વિકાસ સાધી શકયા. મારી અને નટવરભાઈની કેમેસ્ટ્રી બરાબર મળતી હતી. કોઈપણ સંસ્થાના વિકાસ માટે તે સૌથી જરૂરી હોય છે. દોઢ બે દાયકા સાથે કામકર્યા છતાં, અમારે કયારેય કોઈ મતભેદ કે મનભેદ થયા નથી. અમે એકબીજાને બરાબર સમજીએ છીએ. પરિણામે કરોડો રૂપિયાના દાન થકી અદ્યતન ઈન્ફ્રાસ્ટ્રકચર અને દિવ્યાંગ બાળકોની સારસંભાળ, સર્જરી, શિક્ષણ, તાલીમઅને પુનર્વસન માટેની વર્લ્ડ કલાસ સુવિધાઓ ઊભી કરીને અમે દાતાઓના મન જીતી શકયા.

## ભાઈનું માર્કેટિંગ અને નાણાનો પ્રવાહ

મુંબઈમાં નટવરભાઈનો એક વિશાળ ચાહક વર્ગ રહ્યો છે. આ વર્ગ નટવરભાઈની માનવસેવાથી સંમોહિત થયેલો છે, જે તેમનામાં અપાર શ્રદ્ધા ધરાવે છે. એટલે જ વાતવાતમાં ભાઈ, સામેવાળાનું ખીસ્સું કયારે હળવું કરી નાખે, તેની પેલાને ખબર પણ રહેતી નથી. જો કે આ મિત્રો સંમોહનમાંથી બહાર આવે અને ખીસ્સું હળવું થવાની ખબર પડે ત્યારે અફસોસ નથી કરતા, ઊલટાનો આનંદ અનુભવે છે. ભાઈના ઘણા ચાહકો તો એવા છે કે ખીસ્સું હળવું થવાનું છે, એમખબર હોવા છતાં ફરીફરીને નટવરભાઈ પાસે હળવા થવા આવે છે અને સંસ્થા માટે દાન કરી, નાણાંનો પ્રવાહ વહેવડાવે છે.

## લોકાર્પણ કાર્યક્રમો

આવા મહાનુભાવોમાં દીપચંદભાઈ ગાર્ડી, ડો. મોહનભાઈ પટેલ, જયવંતીબહેન મહેતા, મફતકાકા, નરેશભાઈ વેદ, કુન્દનભાઈ વ્યાસ, વર્ષા અડાલજા, સ્વામી પરમાત્માનંદજી, સંતોષી માતા, સ્વામી શરણાનંદજી, મોરારિ બાપુ, સ્વામી સચ્ચિદાનંદજી, વગેરે નટવરભાઈના આ ચાહકોમાં સંતો, મહંતો, લેખકો, કવિઓ, સંગીતકારો, વિદ્વાનો અને મોટા ઉદ્યોગપતિઓ તથા અન્યોનો સમાવેશ થાય છે. આવા શુભચિંતકોના એક મોટા સમુદાયને દર વર્ષે તેઓ મુંબઈથી ભાવનગર લઈ આવે છે. રંગારંગ લોકાર્પણ સમારંભનું આયોજન થાય છે. આ કાર્યક્રમનું ભારે આકર્ષણ છે. લોકો ઍન્યૂઅલ ફંક્શનની રાહ જોતા હોય છે. જોકે એક તો ગાંઠના ગોપીચંદન અને મુંબઈથી ભાવનગરનાં પ્રવાસની હાડમારી છતાં લોકો નટવરભાઈના પ્રેમઅને આગ્રહને વશ થઈને આવે છે, કોઈ આવે અને સંસ્થા જુએ પછી ખાલી થયા વિના નટવરભાઈની આ ‘માર્કેટિંગ-કળા’ છે.

**નટવરભાઈના આ ચાહકોમાં સંતો, મહંતો, લેખકો, કવિઓ, સંગીતકારો, વિદ્વાનો અને મોટા ઉદ્યોગપતિઓનો સમાવેશ થાય છે. આવા શુભચિંતકોના એક મોટા સમુદાયને દર વર્ષે તેઓ મુંબઈથી ભાવનગર લઈ આવે છે.**

## દ્વિતિય હરોળ

મુંબઈમાં નટવરભાઈએ કામનું ફલક વિસ્તાર્યું તેમાં તેનો નિખાલસ અને રમૂજી સ્વભાવ, ખુદનું વ્યકિતત્વ અને બીજાને પોતાના કરી લેવાનો કુનેહભર્યો સ્વભાવ પણ કામ કરી જાય છે. કામવધવાથી હવે પ્રેમપુરીને બદલે અલગ ઓફિસની જરૂર જણાવા લાગી. નટવરભાઈના સૂચન મુજબ મુંબઈમાં તારદેવ પાસે અરુણ ચેમ્બર્સમાં પી.એન.આર. સોસાયટીની ઓફિસ શરૂ કરવામાં આવી. વર્ષ હતું ૨૦૦૯. ત્યારથી આજ દિન સુધી વિકાસની વણથંભી વણઝાર ચાલુ છે. વધતી જતી કામગીરીને પહોંચી વળવા માટે નટવરભાઈ સાથે નરેન્દ્રભાઈ કે. શાહ, ભરતભાઈ એસ. પારેખ, હરેનભાઈ બી. સંઘવી, કિર્તીભાઈ સંઘવી, હર્ષદભાઈ સી. શેઠ, જીતુભાઈ જે. મહેતા, હિતેનભાઈ પી. દલાલ વગેરે જોડાયા છે. અને તે સૌના કો-ઑર્ડિનેશનનું કામ, પ્રકાશભાઈ દેસાઈ કરી રહ્યા છે. આમ સંસ્થાનાં ઉજ્જવળ ભવિષ્ય માટે દ્વિતીય હરોળ તૈયાર થઈ ગઈ છે, તે એક સારી નિશાની છે.

**તા.ક.** તા. ૨૮ જાન્યુઆરી, ૨૦૧૯ નાં રોજ ટૂંકી બિમારીમાં નટરવભાઈ દેસાઈનું નિધન થયું. જીવનભર સૌને હસાવી જનાર એકાએક સૌને રડાવી ગયા. તેમના નિધનથી સૌને-સંસ્થાને કદી ન પૂરાય તેવી ખોટ પડી.

# નટરાજ કોલેજ-એક મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ







વાતાવરણ પૂરું પાડે છે. કૉલેજમાં ગુજરાત, ઉપરાંત રાજસ્થાન, પંજાબ અને હરિયાણા વગેરેના તાલીમાર્થીઓ પણ અભ્યાસ માટે આવે છે.

**૧ નવેમ્બર ૨૦૦૦માં શ્રીમતી મેનકા ગાંધીના વરદ્ હસ્તે કૉલેજનું ખાતમુહૂર્ત થયું અને ૨૬ ડિસે.૨૦૦૪ (જે દિવસે સમગ્ર વિશ્વ ત્સૂનામીથી હચમચી ગયું હતું)માં દેશની આ સર્વ પ્રથમ અદ્યતન કૉલેજનું ઉદ્‌ઘાટન સંતશ્રી મોરારિબાપુના વરદ્ હસ્તે કરવામાં આવ્યું.**

## હાઈટેક ઈન્કલ્યુઝિવ સ્કૂલ

RCI ઉપરાંત આ કૉલેજમાં (IGNOU) અને બાબાસાહેબ આંબેડકર,તેમજ NCVT અને GCRTનાં વ્યવસાયિક અભ્યાસક્રમો સાથે કોમ્પ્યુટર લેબ પણ ચાલી રહી છે. ૧૯૯૮માં PWD ઍક્ટની જગ્યાએ હવે ૨૦૧૬માં 'રાઈટ ટુ પર્સન વીથ ડિસેબિલિટી ઍક્ટ' આવ્યો તેમાં સ્પેશ્યલ ઍજયુકેશનની જગ્યાએ ઈન્કલ્યુઝીવ ઍજયુકેશન ઉપર ભાર મૂકવામાં આવતાં, કૉલેજ કેમ્પસમાં બાલમંદિર સાથે હાઈટેક પ્રાયમરી અને સેકન્ડરી સ્કૂલનો પાયલોટ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે. જેમાં સમધારણ બાળકો સાથે હવે દિવ્યાંગ બાળકો શિક્ષણ લઈ રહ્યાં છે. દશકા દરમ્યાન કૉલેજમાંથી ૨૭,૦૦૦થી વધુ રિહેબિલિટેશન પ્રોફેશનલ્સ, કેરગિવર્સ, ટેક્નિશિયન્સ તૈયાર થયાં છે, જે જરૂરતમંદોની સેવા બજાવી રહ્યાં છે.






પૂ. સંત શ્રી મોરારીબાપુનાં વરદ્ હસ્તે નટરાજ કૉલેજનું ઉદ્‌ઘાટન સંપન્ન થયું

# મુઠ્ઠી ઉંચેરા માનવી બાબુભાઇ સંઘવી



## સફળ ઉદ્યોગપતિ

એમનું ખરું નામ ભાઇદાસભાઈ સંઘવી પરંતુ એ બાબુભાઈના હુલામણા નામથી જાણીતા હતાં. ખપ પૂરતું શિક્ષણ લઈને એ મુંબઈમાં તેના કાકા સાથે સ્ટેશનરીની દુકાનમાં બેસી ગયેલા. બીજા વિશ્વયુધ્ધે બાબુભાઈના નસીબને યારી આપી. ત્યારે બ્રિટિશ રાજ્યમાં ટાંકણીથી માંડીને પેન્સિલ સુધી બધું વિદેશથી આવતું. યુધ્ધના એ દિવસોમાં બાબુભાઈએ અગમચેતી વાપરીને પેન્સિલનો મોટો સ્ટોક કરવાનું જોખમખેડયું અને તેની ગણતરી સાચી પડી. યુધ્ધને કારણે વિદેશથી આવતો માલ બંધ થઈ ગયો. પેન્સિલની અછત સર્જાતાં બાબુભાઈને સંગ્રહ કરેલી પેન્સિલના મોં માગ્યા દામ મળવા લાગ્યા. આ અણધારી સફળતામાંથી બાબુભાઈને પેન્સિલ બનાવવાનો વિચાર સૂઝયો અને લાગી પડયા તેની પાછળ. પેન્સિલનું ટ્રેડિંગ કરતાં-કરતાં પ્રોડક્શનના સપનાં જોવા એ કાંઈ સહેલી વાત તો ન હતી. તેમની પાસે પેન્સિલ બનાવવાની કોઈ ટેકનિકલ જાણકારી ન હતી, પરંતુ સ્વભાવ એવો કે લીધેલી વાત મૂકે નહીં. અંતે સખત પરિશ્રમ, દેશવિદેશમાં પેન્સિલની ટેક્નોલોજિ મેળવવા રખડપટ્ટી, મક્કમ મનોબળ, કોઠાસૂઝ અને વેપાર કરવાની આવડતને કારણે દુનિયાની દશ શ્રેષ્ઠ પેન્સિલ કંપનીમાંની એક હિન્દુસ્તાન પેન્સિલ્સ પ્રા.લિ., ને તેઓ પ્રસ્થાપિત કરીને સફળ ઉદ્યોગપતિ બન્યા. તેમની 'નટરાજ' અને 'અપ્સરા' બ્રાન્ડ પેન્સિલ્સ દુનિયાનાં ખૂણેખૂણે પહોંચી ગઈ છે. આ કંપનીએ આજે માત્ર પેન્સિલ્સ જ નહીં પરંતુ શાર્પનર, ઈરેઝર, કલર્સ, અને બોલપેન જેવી એકએકથી ચડિયાતી વસ્તુઓ બનાવીને વિશ્વની માર્કેટમાં નામ બનાવ્યું છે.

**પેન્સિલનું ટ્રેડિંગ કરતાં-કરતાં પ્રોડકશનના સપનાં જોવા એ કાંઇ સહેલી વાત તો ન હતી.**

## સફળતા પગ ચૂમે એમાં શી નવાઇ

આવા કર્મશીલ બાબુભાઈ સંઘવી, શામજીકાકા સાથે સંસ્થાની મુંબઈ કમિટીમાં જોડાયેલા હતા. એ કોઈ કામમાં સમજયા વગર ઝંપલાવતા નહીં. જે કામ કરવું હોય તેની પૂરી માહિતી મેળવવી એ તેની ખાસિયત હતી. ભાવનગરમાં દક્ષિણ ભારતના ખ્યાતનામ ઓર્થોપેડિક સર્જન ડૉ. રૂડુનો પોલિયો ઓપરેશન કેમ્પ કરવાનો વિચાર મેં કમિટીમાં મૂકયો ત્યારે બાબુભાઈએ પહેલાં નડિયાદના સંતરામ મંદિરમાં યોજાનાર કેમ્પ જોઈ લેવાનો આગ્રહ કર્યો. એ માત્ર સલાહ આપીને છૂટી ન ગયા પરંતુ મુંબઈથી તાપીદાસભાઈ ગાંધી અને હરજીવનદાસ સંઘવીને લઈને ટ્રેનમાં નડિયાદ આવ્યા. અને હું, ભાવનગરથી અંતુભાઈ રાવળને લઈને નડિયાદ પહોંચ્યો. અમે પ્લેટ ફોર્મ નં. ૧ ઉપર ઊભા હતાં. જયારે મુંબઈથી આવેલી ટ્રેનમાં બાબુભાઈ વગેરેને પ્લેટ ફોર્મ નં. ૨ ઉપર ઉતાર્યા હતાં. એક નંબરના પ્લેટ ફોર્મ ઉપર

**પરંતુ સ્વભાવ એવો કે લીધેલી વાત મૂકે નહીં. અંતે સખત પરિશ્રમ મક્કમ મનોબળ કોઠાસૂઝ અને વેપાર કરવાની આવડતને કારણે દુનિયાની દસ શ્રેષ્ઠ પેન્સિલ કંપનીમાંની એક હિન્દુસ્તાન પેન્સિલ પ્રા. લિ.ને તેઓ પ્રસ્થાપિત કરીને સફળ ઉદ્યોગપતિ બન્યા.**